# અધ્યાત્મ



વર્ષ : ૧૫ એપ્રિલ–૧૯૯૪ ૨૫૯ અંક : ૭

## * ભક્તિની સાધનાનાં સાધનો *

ભક્તિમાર્ગની સાધનામાં મુખ્ય મહત્ત્વનાં સાધન કયાં કયાં છે?

ભક્તિની સાધનામાં બહારના જે મુખ્ય મહત્ત્વનાં સાધન છે તેમાં જપ, ધ્યાન, કથાશ્રવણ, સેવાપૂજા તથા સત્સંગનો સમાવેશ થાય છે અને અંદરના સાધનમાં મુખ્યત્વે પ્રેમની ગણતરી કરી શકાય છે. બહારનાં સાધનો મનને નિર્મળ કરવામાં, એકાગ્ર કરવામાં તેમ જ ભક્તિભાવથી ભરી દઈને ઈશ્વરપરાયણ કરવામાં મદદ કરે છે, એમના સમ્યક અથવા તો સમજપૂર્વકના અનુષ્ઠાનથી ઈશ્વર માટે પરમ પ્રેમનો ઉદય થાય છે. ભક્તિમાર્ગમાં છેવટે તો ઈશ્વર માટેનો આ પ્રેમ જ સર્વ કાંઈ છે અને એની અભિવૃદ્ધિ તરફ જેટલું પણ ધ્યાન અપાય એટલું ઓછું છે. બહારના સાધનો મનને નિર્મળ ને નિર્વિકાર બનાવી એ પ્રેમને પ્રકટ કરવા તથા પ્રબળ બનાવવા માટે જ છે. એ પ્રેમની પ્રબળતા થતાં ભક્તનું અંતર ઈશ્વરદર્શનને માટે રડે છે, તલસે છે અને આકુલ–વ્યાકુલ બનીને પોકારી ઊઠે છે. એવો પ્રખર પ્રેમ કોઈક વિરલ ભાગ્યશાળીના જીવનમાં જ પ્રકાશી ઊઠે છે અને એના પ્રકાશ પછી ઈશ્વરદર્શન બહુ દૂર નથી રહેતું. ભક્ત કેવળ બહારના સાધનોમાં અટવાઈ ના જાય તથા જીવનભર રસ લેતો ના થાય એનું એને ખાસ ધ્યાન રાખવાનું છે તો જ એ આગળ વધીને પોતાનો જીવન વિકાસ કરી શકશે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પ્રણામ એ પ્રસન્ન દિવ્ય દાંપત્યને ! | ગોરધનભાઇ કલોલા | ૧૦ |
| વિદેશના એક યુવાનનો અદ્‌ભુત ભાવપૂર્ણ પ્રેરણાસ્પદ પત્ર | હિતેશ લાડ | ૩૦ |
| હોસ્પિટલની જીંદગી | નારાયણભાઇ હ. જાની | ૪૪ |
| રોજિંદા જીવનમાં આધ્યાત્મિકતા | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૪૯ |
| આત્મબોધ | પરમાર્થી | ૫૪ |
| શ્રદ્ધાંજલિ | પ્રાગજી ડોસા | ૫૫ |
| ગુરુ નાનક | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૬ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**– મા સર્વેશ્વરી**

વર્ષ : ૧૫ એપ્રિલ–૧૯૯૪ અંક : ૭


# શ્રી યોગેશ્વર કથામૃત

**મા સર્વેશ્વરી**

**તા. ૧૮–૩–૮૧, બુધવાર, ફાગણ સુદ તેરશ ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.**

સ્થળ ને અન્ય બધું એ જ હતું. સવારે શ્રી નારાયણભાઇને અધ્યાત્મની પૂરી સમજ સાડા અગિયારવાળી બેઠક પછી પૂ. શ્રીએ આપી. લગભગ બે વાગ્યા સુધી વાતો કરી. ભોજન લઇ આરામ કર્યો.

સાંજે વધુ આરામ મળે તેથી મુલાકાત બંધ રાખી પ્રવચન કર્યા બાદ ફરી આરામ.

**તા. ૧૯–૩–૮૧, ગુરુવાર, ફાગણ સુદ ચૌદશ**

**તા. ૨૦–૩–૮૧, શુક્રવાર, ફાગણ સુદ પૂનમ**

### તા. ૨૧–૩–૮૧, શનિવાર, ફાગણ સુદ પડવો ૨૦૩૭, સ્થળ : સુરેન્દ્રનગર.

ત્રણ દિવસ ક્રમ યથાવત્ રહ્યો. અસ્વસ્થતાને લીધે નોંધ ન થઇ શકી. તા. ૧૯, ૨૦ ને ૨૧ સાંજના પ્રવચનમાં સર્વેશ્વરી પાસે પણ શ્રોતાઓએ વાર્તાલાપની માંગણી કરી. એ રીતે વાર્તાલાપ આપી શકાયો. તા. ૨૧ મીએ મૂળીના કાર્યક્રમની વાત ચોક્કસ થઇ.

### તા. ૨૨–૩–૮૧, રવિવાર, ફાગણ વદ બીજ, ૨૦૩૭, સ્થળ : મૂળી.

સુરેન્દ્રનગરથી ૨૨ કિલોમીટર દૂર મૂળી ગામમાં માતુશ્રી રતનબેન વનમાળીદાસ વ્યાખ્યાનખંડની ઉદ્ઘાટનવિધિ પૂ. શ્રીના હસ્તે રાખવામાં આવી.

જૈન ભાઇ શ્રી જે. વી. શાહનું એ ગામ છે. જ્યાં એમણે એમનાં દાદીમાના સ્મરણાર્થે હોલ બંધાવ્યો. તેના ઉદ્ઘાટનની ઇચ્છા ત્રણ વરસથી હતી. તે પ્રભુએ પૂરી કરી. સવારે નવ વાગ્યે મૂળી રેસ્ટ હાઉસમાં પહોંચી ગયા.

સાડા નવે રેસ્ટ હાઉસથી થોડે દૂર ગામની ભાગોળેથી પૂ. શ્રીનું સ્વાગત કરવામાં આવ્યું. ઢોલીઓના સરસ નૃત્ય ને બેનોનાં ગીતો સાથે પૂ. શ્રીનું સામૈયું થયું.

દસ વાગ્યે હોલ પર પહોંચતાં ફરી પૂ. શ્રી ને સર્વેશ્વરીનું સ્વાગત થયું. મંચ પર ફરી ત્રીજી વાર સ્વાગત થયું. હોલનું ઉદ્ઘાટન પટ્ટી કાપીને પૂ. શ્રીએ કર્યું. અંદર હોલમાં જે દીપ મૂકવામાં આવ્યો હતો તેને સર્વેશ્વરીના હસ્તે પ્રગટાવવામાં આવ્યો. ત્યાં માંગલિક બોલ તથા જય જયકાર થયો.



પૂ. શ્રીએ ઉદ્ઘાટન પ્રવચનમાં અનીતિમાન, પ્રભુને મેળવી શકતો નથી એમ કહી સેવાનાં કાર્યોની સમજ આપી, સર્વેશ્વરીએ બે ભજનો ગવડાવ્યાં. ત્યાર બાદ રેસ્ટ હાઉસમાં ભોજન લઇ, આરામ કર્યો.

સાંજે જસાપુર નામના એક ગામમાં કાર્યક્રમ હતો. જસાપુર મૂળીથી છ કિલોમીટર દૂર હતું. જસાપુરની ભાગોળે પણ પૂ. શ્રીનું સામૈયું થયું. સૂતરની આંટીથી સ્વાગત થયું. પૂ. શ્રીએ ખૂબ સુંદર પ્રવચન આપ્યું. જેમાં સરોડાના મોતીભાઇની, એક ભેળસેળ કરનારા દૂધવાળાની, માતાજીની અંતિમ અવસ્થાની વાતો સરળ ભાષામાં ૧ કલાક સુધી કરી.

રાત્રે ૧૦ વાગ્યે રેસ્ટ હાઉસમાં આવી આરામ.

### તા. ૨૩–૩–૮૧, સોમવાર, ફાગણ વદ ત્રીજ, ૨૦૩૭, સ્થળ : ગૌતમગઢ થઇ સુરેન્દ્રનગર.

સવારે ૧૧ વાગ્યે ગૌતમગઢ જવાનું બન્યું. ગામ ખૂબ નાનું છે. ત્યાં અડધો કલાક વાર્તાલાપ પૂ. શ્રીએ આપ્યો. ત્યાંથી મૂળી ૮ કિલોમીટર છે. ત્યાં આવી ભોજન બાદ આરામ.

સાંજે ૫ વાગ્યે મૂળીથી સુરેન્દ્રનગર આવવા નીકળ્યા. સાંજે ૭ થી ૮ જોરાવરનગરના નીલકંઠ મહાદેવમાં સુરેન્દ્રનગરનું છેલ્લું પ્રવચન હતું. બ્રહ્મસમાજના ઘણા શ્રોતાઓ ત્યાં આવ્યા હતા.

તા. ૨૧ મીએ બ્રહ્મસમાજનાં પ્રવચનોની પૂર્ણાહુતિ પ્રસંગે પૂ. શ્રીનું શાસ્ત્રોક્ત રીતે વિધિસર પૂજન થયું. પૂ. શ્રીને શાલ ને દુપટ્ટો ભેટ ધર્યાં, પૂ. શ્રીએ તે પોતાના નિયમ મુજબ પાછાં આપી દીધાં. સર્વેશ્વરીને પણ બે સાડી ભેટ ધરી, પણ સર્વેશ્વરીએ પણ તેનો સહર્ષ અસ્વીકાર કર્યો.

**તા. ૨૪-૩-૮૧, મંગળવાર, ફાગણ વદ ચોથ,**
**૨૦૩૭, સ્થળ : અમદાવાદ જવા વિદાય.**

સવારે નિત્યકર્મથી નિવૃત્ત થઇ સાડા અગિયારે પૂ. શ્રી દ્વાર ખોલે છે. સુરેન્દ્રનગરમાં મુલાકાતનો છેલ્લો દિવસ છે, એટલે બેચાર નવા ચહેરાઓ દેખાય છે. સર્વેશ્વરી તે દરમ્યાન પુસ્તકોની નોંધ કરી તેનું પેકીંગ કરાવે છે.

ત્રણ વાગ્યે જવાનો નિર્ણય થયો છે જેથી સવા બારે પૂ. શ્રી મુલાકાતીઓને વિદાય કરે છે. ભોજન બાદ શ્રી જે. વી. શાહ ને શ્રી બાબુભાઇ સાથે પૂ. શ્રી થોડી વાતો કરે છે. ત્યાર બાદ આરામ.

ફરી ત્રણ ને દસ મિનિટે પૂ. શ્રી પોતાનાં દ્વાર ખોલે છે. ત્યાં ધ્રુવબાલાશ્રમના બે ભાઇઓ પૂ. શ્રીને લેવા માટે આવે છે. પૂ. શ્રી એ અંગે જાણતા નથી જેથી કહે છે, "મને કોઇએ કહ્યું નથી ને મેં પણ કોઇને સમય આપ્યો નથી. મારી તબિયત નરમ રહે છે. એટલે મેં તો એમ કહેલું કે અનુકૂળતા હશે તો આવીશ. છતાં તમે આશાભર્યા આવ્યા છો તો હું ના નહીં પાડું. આવીશ, હમણાં જ અમે બંને આવીએ છીએ."

(પૂ. શ્રીના કાર્યક્રમ અંગે શ્રી બાબુભાઇએ વાતો કરી હતી. પણ પૂ. શ્રી એ અંગે જાણતા ન હતા. છતાં એ ગોઠવણ મુજબ પૂ. શ્રીએ જવાનું કબૂલ કર્યું)

ધ્રુવબાલાશ્રમ ઘણી મોટી સંસ્થા છે. શ્રી નાગજીભાઇ દેસાઇ તેનું સંચાલન કરે છે. અઢી વરસની ઉંમરથી અહીં પ્રવેશ મળે છે. જેને માતા કે પિતા કે માતાપિતા બંને—ન હોય અથવા બાળ ગુનેગારો જેમને પોલીસો તરફથી મોકલવામાં આવે તેવાં બાળકો પણ અહીં રહે છે. સંસ્થા ખૂબ સુંદર રીતે કાર્ય કરે છે. પૂ. શ્રીએ



ત્યાં પોતે પણ બાળાશ્રમમાં રહેતા હતા ને સેવાનું ઋણ વાળ્યું તેની વાતો કરી, ત્યાંથી વિદાય લઇ ૭-૧૦ મિનિટે અમદાવાદ આવી ગયા.

નંદુભાઇના ઘરમાં દોઢ મહિના બાદ પ્રવેશ કર્યો. સૌને ખૂબ ખૂબ આનંદ થયો. અમને પણ એક પવિત્ર પ્રેમાળ સેવાભાવી પરિવારમાં ફરી આવી ગયાનો સંતોષ થયો. થોડી વાતચીત થઇ. શ્રી દમયંતીબેનના પરિવારે પૂ. શ્રી માટે ખીચડી બનાવી હતી તે ભોજનમાં લીધી ને આરામ કર્યો.

**તા. ૨૫-૩-૮૧, બુધવાર, ફાગણ વદ પાંચમ,**
**૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

સવારે નિત્યકર્મથી નિવૃત્ત થઇ સવા આઠથી પોણા નવ જપમાં બેઠા, દૂધ પીધું, લેખનકાર્ય કર્યું.

ગઇકાલે સુરેન્દ્રનગરથી આવતાં એક ભયંકર અકસ્માતમાંથી એક સેકંડના વિલંબને પરિણામે બચી ગયા. પૂ. શ્રીએ તે અંગે પાછળથી સાંજે જણાવ્યું કે : હું હંમેશાં મુસાફરી કરું તો જગદંબાને પૂછું. ગઇકાલે પૂછવાનું રહી ગયું. માર્ગમાં પૂછ્યું તો કહ્યું, "પહોંચી જશો. વાંધો નહીં આવે." એટલે વાંધો નહીં આવે એ શબ્દ પાછળ અકસ્માતથી ઊગરીને સુખરૂપ પહોંચી જશો એવો અર્થ થયો.

સાંજે ૬ વાગ્યે બેઠક શરૂ થઇ. પ્રશ્નોત્તરી થઇ. સાધુસંતો પોતે કરોડો રૂપિયાના બંગલા બંધાવી લે છે ને પછી હું તો કપાળ ઉપરના ચોખા પણ અહીં ખંખેરી નાંખું છું એમ કહે છે. આ વાત એક બેને કરી. પૂ. શ્રીએ કહ્યું, ઉત્તરપ્રદેશમાં એક કહેવત પડી છે:

જ્ઞાની કો પંજાબ ભલા, ભક્તન કો બંગાલ,
કર્મકાંડી કો દ્રાવિડ ભલા, ઢોંગી કો ગુજરાત.

**પ્રશ્ન** : હિમાલયના એકાંતમાં વસતા સિદ્ધપુરુષો જગતનું કલ્યાણ કઇ રીતે કરી શકે?

**પૂ. શ્રી** : જગતના કલ્યાણની ખાસ કોઇને પડી જ નથી. જેને થોડી પણ કલ્યાણની ઇચ્છા છે, તે સંકલ્પ કે પ્રભુપ્રાર્થના દ્વારા કરી શકે છે.

આજે બીજા પ્રશ્નો પણ હતા. આનંદ આવ્યો. સમય થતાં સૌએ પ્રણામ કરી વિદાય લીધી. પૂ. શ્રીએ ખીચડી, શાક ને દૂધનું ભોજન લીધું. અમદાવાદનું રહેવાનું મકાન, ઘરનાં ભાવિક ભાઇ-બેનો ને અનુકૂળ ભોજન હોય છે, જેથી પૂ. શ્રીની ઇચ્છા અહીં થોડું વધારે રહી તબિયત સ્વસ્થ કરવાની પણ છે. પણ બધી પરમશક્તિના હાથની વાત છે. ભોજન બાદ પૂ. શ્રી ધ્યાનમાં બેસે છે. સર્વેશ્વરી શ્રી રામકૃષ્ણદેવનું જીવનચરિત્ર વાંચે છે. પછી આરામ.

**તા. ૨૬-૩-૮૧, ગુરુવાર, ફાગણ વદ પાંચમ,**
**૨૦૩૭, સ્થળ : અમદાવાદ.**

નિત્યકર્મથી નિવૃત્ત થયા. રાત્રે ૩-૩૦ ઊઠીને મંત્રજપ કરી લેવાયા છે. વ્યાયામ, લેખન, દૂધ પીવું વગેરે નિયમિત શરૂ થયું છે.

૧૧-૨૫ મિનિટે દ્વાર ખૂલે છે. ઇલેક્ટ્રીક બેલથી સૂચના અપાય છે. જેથી નીચેથી બેનો રૂમસફાઇ માટે આવે છે. સફાઇકામ થયા બાદ મુલાકાતીઓ પધારે છે. મુલાકાતનો જાહેર સમય નથી છતાં યજમાનનો પરિવાર, વળી અતુલ, બાબુભાઇ, દમયંતીબેન વગેરે પણ આવે છે. એક ભાઇ મધ્યપૂર્વના દેશના મસ્કત



શહેરમાંથી પણ આવે છે. તેઓએ 'પ્રકાશના પંથે', રમણ મહર્ષિ વાંચ્યું છે. પૂ. શ્રીને મળવા મુંબઇ વોરા કંપનીમાંથી તપાસ કરી જે. વી. શાહની તપાસ કરી. તેઓ મોરબી જાય છે. ત્યાંથી પૂ. શ્રીનું અમદાવાદનું સરનામું મેળવે છે. જેથી આજે સવારે અહીં આવે છે. ઉંમર નાનકડી છે પણ પૂ. શ્રીને મળવાની તીવ્ર ઇચ્છા જોવા મળી.

પૂ. શ્રી થોડી વાતો કરે છે. પુસ્તકો પણ તેમને બતાવવામાં આવે છે. તેઓ ખરીદે છે. 'અધ્યાત્મ'ના ગ્રાહક પણ બને છે. થોડા પ્રશ્નો પણ પૂછે છે. તેઓ બે દિવસ રોકાઇને પૂ. શ્રીનો લાભ લેવા ઇચ્છે છે. પૂ. શ્રી આજે ગુરુવાર હોઇ સાઇબાબાની સ્તુતિ બોલવાની સૂચના આપે છે. જેથી સૌ સ્તુતિ બોલે છે.

સમય પૂરો થતાં પૂ. શ્રી ભોજન લે છે. ત્યાર બાદ આરામ. પૂ. શ્રી ગમે તે સ્થળે હોય પણ નિયમિત રીતે કાર્ય થાય છે. અમુક સમયે જ દ્વાર ખૂલે ને મળે. ભોજન, દૂધ, લેખન, વ્યાયામ બધું જ નિયમિત. અતિશય નિયમિત જીવન એ પૂ. શ્રીનો સૌ પ્રથમ પ્રેરક સંદેશ છે.

આજે સર્વમંગલ ટ્રસ્ટની મીટીંગ હતી. જેમાં પૂ. શ્રીનાં બેન તથા તેમના પતિ પણ આવે છે. ૭ થી ૮ ઉસ્માનપુરાના રણછોડજીના મંદિરમાં ધ્યાનના કાર્યક્રમમાં પૂ. શ્રી હાજરી આપે છે. સંખ્યા ઘણી ઓછી હતી. વળી પૂ. શ્રીના ચંપલ કોઇ ઉઠાવી ગયું. શાંતિથી ખુલ્લા પગે રીક્ષામાં બેસી અમે ઉતારા પર આવ્યા. ગુરુવાર હોઇ બટાકાનું શાક ને દૂધ લઇ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

# પ્રણામ એ પ્રસન્ન દિવ્ય દાંપત્યને!

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

સ્વજનના શુદ્ધ સાચા સ્નેહની તો વાત જુદી!
પરસ્પર પ્રેમના આચારની તો રીત જુદી!
'सोऽहम् सोऽहम्' સતી રહે 'सोऽहम् सोऽहम्' કંથ;
સેવે એક બીજા સદા, એ સહચાર અનંત.
વિરહ સહવાસની જાદુઈ બલિહારી જ જુદી;
અજબ આકર્ષણે ખેંચાઈ, સાંકળ એય જુદી.
સ્વજનના શુદ્ધ સાચા સ્નેહની વાત જુદી,
અબોલ આંખે સમજતાં, વ્હાલપની કંઈ રીત!
અમીમય હૈયાં ઉમળકે, થાય પરસ્પર લીન!
સ્વજનના શુદ્ધ સાચા સ્નેહની તો વાદ જુદી.
પરસ્પર પ્રેમના આચારની તો રીત જુદી!

આ ભાવનાઓનું સાકાર સ્વરૂપ એટલે શ્રી સરસ્વતીબેન અને શ્રી નારાયણભાઈનું દાંપત્યજીવન. સંસાર માંડે તો ઘણાં, પણ માણે છે કોઈક. પ્રભુનાં કૃપાપાત્ર પાત્રો! પ્રભુનાં આવાં કૃપાપાત્ર પાત્રો એટલે શ્રી સરસ્વતીબેન અને શ્રી નારાયણભાઈ! સંસારમાં બંધાય છે બધાં પરંતુ કલાપી કહે છે તેમ સ્નેહની કડીથી બંધાનારાં તો શ્રી સરસ્વતીબેન અને શ્રી નારાયણભાઈ જેવાં જવલ્લે જ જોવા મળે!

તા. ૨૫, જાન્યુ. ૮૪ ના રોજ આપણાં સૌનાં પ્યારાં પૂ. જીજીએ આ સંસારની વિદાય લીધી. પરંતુ એ સ્નેહની કડીને



તોડવાનું સામર્થ્ય તો બીચારા મૃત્યુમાંય ક્યાં છે? સ્નેહની આ કડીથી પૂ. જીજી ફક્ત શ્રી નારાયણભાઈ સાથે જોડાયેલાં ન હતાં, પ્રભુ સાથે પણ સ્નેહની શુદ્ધ કડીથી બંધાયેલાં હતાં! શ્રી યોગેશ્વર પ્રભુએ જે સંસારની ફરજ પૂ. જીજીને સોંપી તે ફરજને પ્રભુની કૃપાપ્રસાદી માની પૂ. જીજીએ પ્રેમપૂર્વક મસ્તકે ચઢાવી અને એક પ્રસન્ન દિવ્ય દાંપત્યનું સર્જન કર્યું!

શ્રી યોગેશ્વર પ્રભુની કૃપા વિના આ પ્રસન્ન દિવ્ય દાંપત્યનું સર્જન શક્ય બની શકે નહીં. પૂ. જીજી અને પૂ. કાકાનું દિવ્ય દાંપત્ય ફક્ત ભાગ્યનાં લેખાંજોખાં જ હોય એમ લાગતું નથી, પરંતુ પ્રભુના પ્રેમનું પોષણ એ પ્રસન્ન દાંપત્યના પાયામાં હતું!

માનવનું ગમે તેવું પુણ્યભાથું પણ આવાં વિશુદ્ધ સ્નેહ મંડિત સંસારનું સર્જન કરી શકે નહીં. શાંત, નિર્મળ અને ભાવભરપૂર સંસાર–સરોવરમાં ક્યારેય ક્લેશની નાની પણ કાંકરીએ વિષાદનાં વમળો ઊભાં ન કર્યાં હોય એવું આપણે કલ્પી શકીએ તેમ છીએ! આ તો પ્રભુકૃપાની બલિહારી છે. પ્રભુએ પૂ. જીજી અને પૂ. કાકા દ્વારા પ્રભુકૃપાથી રચાયેલો સુખી સંસાર કેવો હોય તેનું દર્શન આ જગતના સંસારીઓને કરાવ્યું છે, સાથે એ પણ શીખવ્યું છે કે પ્રભુને જો આપણા સંસારરથના સારથિ બનાવીએ તો જ સંસારમાં સાચા સુખનો સુરજ ઊગે અને એ સંસારરથ એ સૂરજ આથમે ત્યાં સુધી એકસરખી ગતિથી, સંસારસુખના અવનવા અનુભવો કરાવતો શાંતિથી પસાર થાય! જીવનના છેક ઊષઃકાળથી પૂ. જીજી અને પૂ. કાકાએ તેમના સંસારરથની લગામ શ્રી યોગેશ્વરપ્રભુને સોંપી દીધી હતી!

કલ્પનાની પાંખે ઊડીને આજથી પચાસ વર્ષ પહેલાં મુંબઈમાં પંખીના માળા જેવા નાનકડા ઘરમાં વાસ કરતાં. પૂ. જીજી, પૂ.

કાકા અને પ્રભુની પાસે પહોંચી જઇએ. ત્રણેય સરખી વયના સૌમ્ય સખાઓ એ યુવાનવયે પણ કેવાં સુંદર અને ગુણીયલ લાગતાં હશે તે મનોરમ્ય કલ્પનાચિત્ર આજે પણ જોવાનું ગમે છે. યુવાન વયના પ્રભુનાં દર્શન કરવાનું સૌભાગ્ય આપણને તો નથી મળ્યું, પણ આ પુણ્યશાળી દંપતી કોઇ પૂર્વના પુણ્યબળના યોગે પ્રભુને પણ આ પૃથ્વી પર પોતાની સાથે જ પધારવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી શક્યાં.

પ્રભુની યુવાન વયનાં ઘણાં સુંદર કલ્પનાચિત્રો અનેક વખત શ્રી નારાયણભાઇએ પ્રેમીજનો સમક્ષ રજૂ કર્યાં છે. એ વખતે પ્રભુ કેવા લાગતા, શું પહેરતા, શું કરતા, શું ખાતા, કેમ વિહાર કરતા, કેવી વાતચીતો કરતા. વગેરે પ્રભુના લીલાચરિત્રો પૂ. જીજી અને પૂ. કાકાએ પ્રેમપૂર્વક ભાવિકો સમક્ષ જીવંત કર્યાં છે. પરમાત્મદર્શનનો કેવો ઉમંગ અને આશા પ્રભુના સુંદર મુખારવિંદ પર રમતા હશે તેનું સાથીપણું આ ભક્ત દંપતીએ માણ્યું છે. પ્રભુના સાંનિધ્યનું દિવ્યસુખ આ પ્રેમીભક્ત દંપતીએ પોતાના જીવનમાં ઊષઃકાળથી માણ્યું છે. એટલું જ નહીં પણ પ્રભુની સંમતિ અને સાક્ષીએ જ પોતાના દાંપત્યજીવનનું મંગલાચરણ કર્યું.

દાંપત્યજીવનની પુનિત પ્રવેશ મંગલવેળાએ પ્રભુએ આશીર્વાદ ઉચ્ચારતા કહ્યું:

આશિષ આપું પ્રભુતા–પ્રકટેલ–પ્રાણે,
સંસાર સ્વર્ગ સમ દિવ્ય બનો તમારો.–૧
ઓ યુક્ત, અગ્નિપ્રતિ આજ વદો, વિચારો,
"સાંધી દઇશું ઉભયે, અમ હાડહાડો,
ને એકેકના શ્વસનમાં અમ શ્વાસ માણી,
જીવીશું ભેદ સઘળો સુખથી વિસારી."–૨
ઓ અગ્નિ, ઇન્દ્રિયો બધી અહીંયાંજ જીતી
સારીય શક્તિ પ્રભુના ચરણે જ મૂકી
આનંદતાં કરીશું જીવનકાર્ય પૂરાં,
ઓ અગ્નિ, ના પડશું કો'દિ અમે વિખૂટાં.–૩
પ્રેમી બનો ઉભયમાં પ્રભુતા પ્રસારો
રાજી રહો, પરમ શાંતિ સજો, સજાવો,
આશિષ આપું પ્રભુતા પ્રકટેલ–પ્રાણે,
સંસાર સ્વર્ગ સમ દિવ્ય બનો તમારો–૪



પ્રભુના આ આશીર્વાદ તેમના દાંપત્યજીવનમાં અક્ષરશઃ સાકાર થયા. સંસારમાં પ્રવેશ કર્યો ત્યારથી સંસારની વિદાય લીધી ત્યાં સુધી સંસારી જીવનના અનેક ચઢાવ–ઊતરાવ વચ્ચે તેમનો જીવનરથ સમતોલ અને સ્થિર ચાલતો રહ્યો છે. સારસ બેલડી જેવું તેમનું ભક્તિમય જીવન હમેશાં હૃદયની ઊંડી લાગણીથી સભર રહ્યું છે. ક્યારેય તેમના સંસારસાગરમાં પ્રેમનાં પૂર ઓસર્યાં નથી. પ્રેમભાવનાં સતત ઊછળતાં મોજાંથી તેઓ ભીંજાતાં રહ્યાં છે. સંસારના ગમે તેવા કપરા સંજોગો વચ્ચે પણ સ્નેહની ઓટ તેમને સહન કરવી પડી નથી. તેમના સંસાર–સરોવરમાં સ્નેહનાં નીર ક્યારેય સુકાયાં નથી. તેમનું સંસાર–સરોવર સ્નેહની ઊછળતી લહેરીઓથી હસતું રહ્યું છે. કોઇએ કાંકરી ફેંકવાનો પ્રયાસ કર્યો હશે તોપણ તેમના સંસાર–સરોવરમાં ક્લેશનાં વમળો પેદા થયાં નથી. આ સ્નેહાળ દંપતીએ પરસ્પર પ્રેમના આચારની અદ્ભુત રીત સૌને શીખવી. તેમનું જીવન આચારસંહિતા જેવું હતું. જાણે તેઓએ સંસારી ગીતાનું સર્જન આ જીવનમાં મહાભારતના યુદ્ધ વચ્ચે કર્યું !

એક સામાન્ય માનવની જેમ જ તેઓ પણ આ સંસારની અનેક વિટંબણાઓ વચ્ચે જ જીવ્યાં! મુશ્કેલીઓ તો તેમના જીવનમાં પણ ભરપૂર આવી. પરંતુ લાગણી–શૂન્યતાએ તેમને મૂઝવા દીધાં નથી. ગરીબાઇ એવી કે આવતીકાલે પેટને શું ભાડું આપવું તે પ્રશ્ન અનેક ગરીબોની જેમ તેમની સમક્ષ પણ એક કાળે ઉપસ્થિત થયો હતો, છતાં આ સંજોગો વચ્ચે પણ અંતરની અમીરાતે તેમનો સાથ છોડયો ન હતો સંજોગોની આંધી વચ્ચે પણ સ્નેહની ઓછપ તેમણે અનુભવી નથી. જાણે પ્રભુના આશીર્વાદ તેમની છત્રછાયા બનીને તેમને સાચવતા હોય એવું લાગ્યા કરે છે.

પૂ. જીજી અને પૂ. કાકાના આ દાંપત્યજીવનની વાતો સાવ સાચી હોવા છતાં આપણા ગળે ઊતરવી અસંભવ લાગે છે. સંયુક્ત કુટુંબમાં રહેવાનું, સૌના મનને સાચવીને ચાલવાનું. ભયંકર આર્થિક સંઘર્ષ વચ્ચે જીવનના પ્રશ્નોનો સામનો કરવો એ ભલભલાને મૂંઝવી તો નાંખે જ, પરંતુ માનસિક સમતુલા જાળવી ન શકવાથી ક્લેશના કકળાટથી જીવનમાં દારૂણ દુઃખના ઓળા ઊતરી પડે છે. પરસ્પરના માનસિક સંઘર્ષો પરાકાષ્ટાએ પહોંચતાં દાંપત્યજીવનમાં પણ તીરાડો પડવા લાગે છે. ભૂખનું દુઃખ સહેવું સહેલું નથી. મોટે ભાગે આ આર્થિક સંઘર્ષોમાંથી જ સંસારમાં, દાંપત્યજીવનમાં દુઃખની હોળીઓ સળગી ઊઠે છે. આપણાં સૌનો આ અનુભવ છે. સંસારના આ ક્લેશને લીધે માનસિક પરિતાપનો ભોગ બનીને ક્લેશમય જીવન જીવતાં અનેક દંપતીઓ આપણી નજરે પડે છે. આવું ક્લેશમય ખોડંગાતું લગ્નજીવન આપણા જીવનનો એક અભિશાપ બની જાય છે.



એવું નથી કે ગરીબાઇ હોય કે આર્થિક ભીંસની આંધિમાં સપડાયા હોય તો જ સંસારમાં માનસિક ઝઘડાઓ વિધ્વંસક સ્વરૂપ પકડે છે. પૈસાની છત વચ્ચે પણ મનના મતભેદો લોકોને શાંતિથી રહેવા દેતા નથી. સ્વભાવમાં જક્કી વલણોને લીધે દાંપત્યજીવનની સ્નેહસરિતા સુકાતી જાય છે. ભિન્ન ભિન્ન રુચિઓ, સ્વભાવ ને વિચિત્રતાઓ, અહંના ડુંગરાઓ, શારીરિક કુટેવો, સહનશક્તિનો અભાવ, મને જ બધાં અનુકૂળ રહે તેવો વધુ પડતો આગ્રહ, રાગદ્વેષનાં જાળાંઓમાં અટવાતું મન, મનની નબળાઈઓના વારંવાર શિકાર થવું, વિશ્વાસઘાત અને છળકપટની પ્રપંચલીલા પૈસાદારોને પણ દાંપત્યજીવનનાં સુખશાંતિનો અનુભવ લેવા દેતાં નથી.

ગૃહસ્થજીવન એ ભારતીય સંસ્કૃતિની આધારશિલા જેવું છે. માટે જ આપણે ગૃહમાં સ્થાયી રહેતાં શીખવું જોઇશે, આ ગૃહને મંદિર બનાવવું પડશે. એ ગૃહમંદિરની શાંતિ પ્રાપ્ત કરવા માટે પૂ. જીજી ને પૂ. કાકાના પ્રેરણામય જીવનમાંથી પ્રેરણા લેવી જોઈએ.

પહેલી વાત એ કે પૂ. જીજી અને પૂ. કાકા એક સામાન્ય માનવનું ગૃહસ્થજીવન જીવ્યાં છે. ગરીબ કહેવાય પરંતુ પૈસાદાર તો નહીં જ એવી એમની આર્થિક સ્થિતિ હતી. એક સામાન્ય ગૃહસ્થને નડતી બધી જ આર્થિક મુશ્કેલીઓ તેમણે પણ ભોગવી છે. જ્યાં સુધી નોકરી ન હતી ત્યાં સુધી તો ભારે આર્થિક ભીડ વચ્ચે તેમણે દિવસો પસાર કર્યા. એક રૂમ, રસોડાના મકાનમાં વર્ષો સુધી રહ્યા, સંતાનોને આવી કપરી પરિસ્થિતિઓમાં ઉછેરીને મોટા કર્યાં, માંદગી અને વ્યવહારના પ્રસંગો વચ્ચેથી પણ આ આર્થિક ભીંસમાં જ માર્ગ કાઢયો. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે તેમનાં ગૃહસ્થજીવનનાં સંજોગો અને સ્થિતિ તદન સામાન્ય હતાં.

પાંચ હજાર રૂપિયાની નોટોની થોકડી તેમણે ઘણાં વર્ષો સુધી પોતાના જીવનમાં જોઇ ન હતી! એક સામાન્ય માનવની જેમ અનેક આર્થિક મૂંઝવણો, માંદગી અને સંયુક્ત કુટુંબની અકથ્ય વિટંબણાઓ, વ્યવહારની આંટીઘૂંટીઓ વચ્ચેથી માર્ગ કાઢવો પડયો.

આ બધી જ ગૃહસ્થજીવનની સમસ્યાઓ વચ્ચે પણ તેમનું પરસ્પરનું દાંપત્યજીવન ખરેખર નમૂનેદાર હતું! ગૃહસ્થજીવનની આટઆટલી મુશ્કેલીઓ વચ્ચે પણ ક્યારેય તેમની વચ્ચે નાનું સરખું પણ મનદુઃખ ઊભું થયું નથી. આ વાત જોકે આપણને માન્યામાં આવે તેવી લાગતી નથી છતાં તદ્દન સત્ય હકીકત છે. વર્ષો સુધી સાથે રહેવા છતાં ગૃહસ્થજીવનનાં વાસણો ખખડે જ નહીં એ નવાઇ પમાડે તેવી વાત છે. ક્યારેય એટલે ક્યારેય નહીં. બાબત નજીવી હોય કે અગત્યની પણ મનદુઃખની વાત જ નહીં. સામાન્ય રીતે મીઠો કલહ તો દંપતીઓ વચ્ચે ચાલ્યા કરે, અને મનોવૈજ્ઞાનિકો તેમને આવકારે પણ ખરો, પરંતુ પૂ. જીજી અને પૂ. કાકા વચ્ચે મીઠાશ ખરી, પણ કલહ વિનાની! જેમ ભગવાન રામ પોતાના નાના ભાઇઓને રાજી રાખવા બાળપણમાં બાળલીલા કરતા રમતો રમતા ત્યારે એ રમતોમાં પોતાની શક્તિ હોવા છતાં પોતે રમતોમાં હારી જતા ને ભાઇઓને જિતાડતા. એક રમત રમવા પૂરતા પણ તેઓ ભાઇઓને નારાજ કરતા નહીં. નાના ભાઇઓ જીત મેળવી પ્રસન્ન થઇ ઊઠતા તો ભગવાન રામ એ ભાઇઓની ખુશીમાં પોતાની જીત જોતા! શ્રી રામના હૃદયની આ કોમળતા હતી, લાગણીઓના સંબંધોની આમાં મીઠાશ હતી! બીજાના સુખે સુખી થવાની એક હૃદયની ઉમદા ઊર્મિ હતી! ભાઇઓને હરાવવા પૂરતી બે ક્ષણની નારાજગી પણ તેમને



ગમતી ન હતી! બસ તેવું જ પૂ. જીજી અને પૂ. કાકાના જીવનનું છે. તેઓ પરસ્પર એકબીજા પાસે ઉભયને ખુશ રાખવા માટે હારતાં રહ્યાં છે. તેઓએ ક્યારેય પોતાની જીત માટે જીદ પકડી નથી. તેમના જીવનનો આ ઉમદા પ્રસંગ જાણવા જેવો છે.

પૂ. કાકા નોકરીમાંથી રીટાયર્ડ થયા, ત્યારે ગ્રેચ્યુઇટીના ત્રીસથી બત્રીસ હજાર રૂપિયા આવ્યા હતા. એ જ અરસામાં પૂ. કાકાએ અધ્યાત્મનું કામ પ્રભુની આજ્ઞાથી હાથમાં લીધું હતું.

શરૂઆતમાં અધ્યાત્મના કામ માટે રૂા. ૫ હજારની જરૂરત હતી. એટલે પૂ. કાકાએ પૂ. મહાત્માજીની સૂચના મુજબ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટમાંથી શ્રી બાબુભાઇ વોરા પાસેથી આ રકમ મોકલાવવા પત્ર લખ્યો. પૂ. કાકા કોઇ પણ પત્ર લખે તો પૂ. જીજીને વંચાવે પછી જ રવાના કરે. એટલે તેઓએ આ પત્ર વાંચી કાકાને કહ્યું, "શું તમારી પાસે પાંચ હજાર રૂપિયા નથી તે શ્રી બાબુભાઇને લખો છો? હમણાં પેલા ગ્રેચ્યુઇટીના જે પૈસા આવ્યા છે, તેમાંથી અધ્યાત્મ માટે વાપરો અને પછી જ્યારે આવે ત્યારે લઇ લેજો. એટલે આ પત્ર મોકલવો જરૂરી નથી."

પૂ. જીજીનો આવો પ્રતિભાવ જોઇ, પૂ. કાકા તો વિચાર કરતા જ રહી ગયા કે જીજી આ શું કહે છે! તેઓએ અમદાવાદ લખવાનું માંડી વાળ્યું અને ઘરના પૈસામાંથી જ અધ્યાત્મની સૌ પ્રથમ શરૂઆત થઇ!

આ પૈસાની રમતમાં પૂ. જીજી હારીને જીતી ગયાં! પૂ. કાકાને તેમણે થોડી વાર પણ પૈસાની ચિંતા કરવા દીધી નહીં. પૂ. કાકા અમદાવાદ લખે, વળી શ્રી બાબુભાઇ કદાચ પૂછે અને મુદત માગે તેના કરતાં પૂ. જીજીએ પૂ. કાકાને આટલી ચિંતા પણ કરવા દીધી

નહીં. શ્રી રામની જેમ હારીને પૂ. કાકાને પ્રસન્ન કરી દીધા! નહીંતર આટલા પૈસા પહેલી જ વાર ઘરમાં આવ્યા હતા! પરંતુ પૂ. જીજીએ એવો વિચાર પણ ન કર્યો કે આટલાં વર્ષે આ પૈસામાંથી કિંમતી સાડી ખરીદું? કંઇક ઘરેણું ઘડાવું? ઘરમાં કંઇક ફરનીચર વસાવું? આવો કોઇ વિચાર પૂ. જીજીને આવ્યો નથી. પૂ. કાકાને અધ્યાત્મ માટે પૈસાનું થોડુંઘણું ટેન્શન પણ પૂ. જીજીએ રહેવા દીધું નહીં.

પૂ. જીજી અને પૂ. કાકાના સ્નેહાળ દાંપત્યજીવનનું આ પણ એક ઉમદા તત્ત્વ છે. જ્યારે જ્યારે જીવનમાં કટોકટી ઊભી થઇ, જરૂરિયાતો ઊભી થઇ, ત્યારે ત્યારે પોતાની અંગત જરૂરિયાતોને છોડતાં રહ્યાં છે. હઠાગ્રહને બદલે પાછાં હઠી જવામાં તેમણે જિંદગીની રમતની જીત માની છે. આ જીત માટે તેઓએ ક્યારેય પોતાના અંગત દાવાઓ આગળ ધર્યા નથી. અંતરની લાગણી-ઓને ઠેસ પહોંચાડીને ક્યારેય બંને આત્માઓ વચ્ચેનું અંતર વધાર્યું નથી. ઘરમાં માંદગી આવી હોય, લગ્નપ્રસંગો આવ્યા હોય, બીજાને મદદ કરવાનો પ્રસંગ ઊભો થયો હોય, ત્યારે એ મુખ્ય પ્રસંગોની જરૂરિયાત પાસે પોતપોતાની અંગત જરૂરિયાતો ગૌણ બની જતી. સાચી વાત તો એ છે કે તેમનો પરસ્પરનો પ્રેમભાવ જ એવો હતો કે આ હૃદયના શુદ્ધ સ્નેહની આડે કોઇ પણ સાંસારિક સમસ્યાની આડખીલી ચલાવી લેતાં નહીં. પ્રેમ ખોઇને સંસારની પટલાઇ તેઓએ ક્યારેય કરી નથી.

પૂ. જીજીના કેટલાક એવા પવિત્ર નિયમો હતા કે જે તેમના પ્રેમમય સચોટ જીવનને ચાર ચાંદ લગાવી દેતા! પૂ. જીજીનો એક એવો નિયમ કે પૂ. કાકાને હમેશાં જમાડીને જમે. સૌ પ્રથમ પોતાના ઠાકોરજીને થાળ ધરે! પતિ એજ પરમેશ્વરની ભાવનાની



વાત આ જમાનામાં આપણને અજુગતી ભલે લાગે, પરંતુ પૂ. જીજી અને પૂ. કાકા માટે આ ભાવના પ્રેમના મૂર્તિમંત સ્વરૂપ જેવી હતી. આ વાત આ દંપતીના જીવનમાં બંધબેસતી એટલા માટે લાગે છે કે આ પરમેશ્વરની નિષ્ઠાની વાત અહીં એકપક્ષીય નથી. પતિ પરમેશ્વર છે તો પત્ની પણ પરમેશ્વર છે. આ પ્રેમાળ દંપતીના જીવનમાં એકપક્ષીય અધિકાર ભોગવવાની વાત જ આવતી નથી. જે કંઇ છે તે બંને પક્ષે છે, એકબીજાના માટે છે.

પવિત્ર નિયમોમાં સંસારજીવનને શુદ્ધ કરવાની કેટલી શક્તિ છે તેનો આપણે વિચાર કર્યો નથી. પૂ. જીજી જે ભાવથી પૂ. કાકાને જમાડતાં તેથી જમતી વખતે પૂ. કાકાને પૂ. જીજી પ્રત્યે જે પ્રેમભાવો જાગતા તેનાથી પૂ. કાકાનું અંતર વિશુદ્ધ થઇ જતું. જમાડવાના આ પવિત્રયજ્ઞમાં હૃદયની મલિનતા હોમાઇ જતી. જમતી વખતે પૂ. કાકા ફક્ત પૂ. જીજીનું ભોજન જ માત્ર ન જમતા, એ સૂકી લૂખી રોટીમાં પૂ. જીજીના પ્રેમનું રસાયણ ભળેલું રહેતું તે પણ આરોગતા! એટલે આ ભાવભર્યા ભોજન સાથે તન અને મન બંનેને પોષણ મળતું. કયા નિષ્ઠુર માણસને પોતાને પ્રેમથી જમાડનાર પ્રતિ પ્રેમ નહીં જાગે? ભોજન એ આ પૃથ્વીનું અમૃત છે, તો એ અમૃતને અમીમય અંતરથી જમાડનાર પ્રતિ કયો માણસ અમૃતમય થયા વિના રહી શકશે? કેટલાય ભક્તોના જીવનમાં આપણે આ પ્રેમભરેલાં ભોજનના થાળ જમવા પ્રભુ પધાર્યા હોય તેવાં ઉદાહરણો જોઇએ છીએ. જો પ્રેમે પ્રભુ પણ પીગળી જતા હોય અને પૃથ્વી પર થાળ આરોગવા પધારતા હોય તો એક માનવના અંતરમાં આ પ્રેમ પરિવર્તન નહીં કરે? વળી પૂ. જીજી પોતે જમાડીને કે સાથે જ જમતા એટલે એમાં પૂ. કાકા પ્રતિ અંતરનું હેત સવિશેષ ઠલવાતું.

આ છે પવિત્ર નિયમોની જીવનપર જાદુઇ અસર. આને લીધે પૂ. જીજી અને પૂ. કાકાનું ગૃહસ્થ જીવન અનેક મુશ્કેલી વચ્ચે પણ હર્યુંભર્યું રહેતું!

પોતાના સંસારને સંજીવની બક્ષનાર બીજો નિયમ હતો પૂ. કાકાને સવારે ઊઠીને પગે લાગવાનો! ખરા દિલથી પગે લાગનારના મસ્તકે સહજ જ પ્રેમભર્યો વરદ હસ્ત ફરી વળે છે. તેવો અનુભવ આ નિયમને અમલમાં મૂકનાર સૌ સમજી શકે છે. દિવસભરની ભૂલોની ક્ષમા માત્ર આ એક નિયમને અમલમાં મૂકવાથી મળી જાય છે. કડવાદભર્યા પ્રસંગો તરત જ વિસરાઇ જાય છે. પૂ. જીજી અને પૂ. કાકાના જીવનમાં તો આવા કડવાશભર્યા પ્રસંગોની કલ્પના સુદ્ધાં કરી શકાતી નથી, તેમ છતાં તેમનો પ્રેમ આ નિયમથી દ્વિગુણીત બની જતો. પૂ. જીજી અને પૂ. કાકાના જીવનમાં પૂ. જીજીના આવા પવિત્ર નિયમોથી તેમનો સંસારસાગર પ્રેમની ભરતીથી સદાય છલકાતો રહેતો. આ પગે લાગવાનો નિયમ પણ આ પાવન દંપતીનો પરસ્પરનો હતો.

આપણને નવાઇ લાગશે પરંતુ પૂ. જીજીએ પોતાના સમસ્ત ગૃહસ્થજીવન દરમ્યાન ક્યારેય કોઇપણ વસ્તુની માંગણી પૂ. કાકા સમક્ષ કરી નથી. કિંમતી સાડીઓ, મોંઘાંદાટ શૃંગારનાં સાધનો, ગૃહશણગારની અવનવી ચીજો, વિવિધ સુખસગવડનાં સાધનો ખરીદવા માટે પોતાની અછતની સ્થિતિમાં પણ પતિદેવ પાસે માંગણીનું લીસ્ટ રજૂ કરતી પત્નીઓએ પૂ. જીજી પાસેથી આ શીખવાનું છે. તેઓ પોતાના ઘરની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ખૂબ જ વ્યવસ્થિત અને સલુકાઇથી પોતાનો ગૃહસ્થ વ્યવહાર ચલાવતાં. તેઓ ક્યારેય દેખાદેખીભર્યું સ્પર્ધાત્મક જીવન જીવવાની ઝંઝટમાં પડતાં નહીં. પાંચ પાંચ સંતાનોના લગ્ન-



વ્યવહાર કરવા છતાં, અને વ્યવહારોની અનેક આંટીઘૂંટીઓ વચ્ચે પણ ક્યારેય પરસ્પર એક ક્ષણ માટે પણ તેઓના અંતરમાં રંજ થયો નથી.

ગૃહસ્થ જીવનના સાચા સુખ અને શાંતિનો આધાર પરસ્પરના ખરા પ્રેમનો ખરો જ પરંતુ સાથે સાથે પવિત્ર કમાણી ઉપર પણ છે. અપવિત્ર કમાણી જીવનમાં અપવિત્રતા લાવે છે. આ નિયમ પાળવાનું કામ આ સમયમાં તો ભગીરથ પુરુષાર્થ જેવું છે. જે પૈસા પ્રેમ અને શાંતિ ન આપે તો પછી તેના ઢગલા હોય તોય પણ શા કામના? સામાન્ય રીતે આવા ધનના ઢગલા કરવામાં આપણે જીવનની શાંતિ અને વિશુદ્ધ પ્રેમની લાગણી ખોઇ બેઠા છીએ, જ્યારે પૂ. જીજી અને પૂ. કાકાના ગૃહસ્થ જીવનમાંથી આપણે શાંતિ અને પ્રેમનું પરમધન જાળવતાં શીખવાનું છે.

પૂ. જીજી અને પૂ. કાકાએ ક્યારેય પોતાના ગૃહમંદિરમાં છાના બારણેથી પધારતી ખોટી લક્ષ્મીને પગલાં કરવા દીધાં નથી! પરસેવાની પવિત્ર કમાણીમાંથી તેમણે પોતાનો ગૃહસંસાર ચલાવ્યો છે. ઘણી વખત પૂ. કાકા ઘરમાં પગાર લાવીને પૂ. જીજીને સોંપતા તો પૂ. જીજી પગારની રકમ બરાબર ગણી જોતાં, જો નિયમિત પગારની રકમ કરતાં વધારે લાગે તો તો પૂ. કાકા પાસે તે વધારાની રકમની વાત જાણી લેતાં. પછી જ તેમને નિરાંત થતી! પગાર સાથે ક્યારેક ઇન્ક્રીમેંટ મળ્યું હોય, કોઇ એરીયર્સ આવ્યું હોય તો તેનો ફોડ પૂ. કાકા પાડતા. કહેવાની વાત એ છે કે ક્યાંક છાનીમાની ખોટી કમાણીની રકમ તો ઘરમાં આવી જતી નથી ને! તે માટે પૂ. જીજી હમેશાં જાગૃત રહેતાં.

લક્ષ્મીજીનો પ્રવાહ ઘરમાં આવતો હોય તો તે લાલચને ભલભલા પણ રોકી શકતા નથી. મનની પવિત્રતા જાળવવી એ તો

એક ઉગ્ર સાધના છે. કોઇ જાગ્રત સાધક જ તે સાધી શકે. પૂ. જીજી અને પૂ. કાકાએ તે સાધના સફળતાપૂર્વક સાધી છે. હમણાં સુધી એવું બનતું રહ્યું છે કે પૂ. જીજી અને પૂ. કાકાને હરિદ્વાર જવું હોય કે બીજે ક્યાંય જવું હોય તો છેલ્લી ઘડી સુધી એ રકમ ઘરમાં ન પણ હોય! કોઇ અજબ રીતે પ્રભુએ પૈસાની વ્યવસ્થા છેલ્લી ઘડીએ કરી હોય તેવું અનેક કિસ્સાઓમાં બન્યું છે. આ પવિત્ર દંપતીએ પોતાના ગૃહસ્થાશ્રમને પવિત્ર, પ્રેમભર્યો અને શાંતિસંપન્ન રાખવા માટે એક જાગ્રત સાધક જેવી સાવધાની રાખી છે. આપણા પ્રાચીન ઋષિઓ જેવો પવિત્ર ગૃહસંસાર આજે પણ મૂર્તિમંત કરી શકાય છે. સુખ, શાંતિ અને સંતોષનું અવતરણ કરીને સંસારને સ્વર્ગસમાન બનાવી શકાય છે. પ્રેમના રસાયણથી ઇન્દ્રધનુના અવનવા રંગોનું સર્જન કરીને ગૃહસ્થાશ્રમને શણગારી શકાય છે, ને જીવનને આધ્યાત્મિકતાનો ઓપ આપીને જીવનની સમતુલાને અદ્‌ભુત રીતે જાળવી શકાય છે. ભૌતિક અને આધ્યાત્મિક બંને પાંખોથી ગૃહસ્થજીવનમાં ચિરસ્થાયી વિહાર કરી શકાય છે. તે બધું આપણે આ ભક્તદંપતીના જીવનમાં જોઇ શકીએ છીએ.

પૂ. જીજી અને પૂ. કાકાના જીવનનું સૌથી અગત્યનું પાસું હવે આપણે જોવાના છીએ અને તે છે પ્રભુકૃપાની બલિહારી! તેમનાં જીવનનો આ પ્રેમમય ઘાટ ઘડવામાં પૂ. મા અને પૂ. યોગેશ્વરજી પોતાની કૃપાની થપાટ લગાવતાં રહ્યાં છે. પરસ્પરના યોગ્ય પાત્રોની પસંદગી એ પણ પ્રભુકૃપાની બલિહારી છે. તેમના પૂર્વ સંસ્કારોનું પાથેય પણ પ્રભુનું વરદાન છે. પૂ. જીજી અને પૂ. કાકા પૂર્વજન્મથી આ સંસ્કારવારસો પ્રભુકૃપાથી જાળવતાં આવ્યાં છે. અને આ જન્મમાં પણ છેક બાળવયથી પૂ. યોગેશ્વરજીની ઓથ



મળતી આવી છે. પરંતુ સાવ નિર્ધન અવસ્થા પણ આ સુ-સંસ્કારોની માવજત જે રીતે પૂ. જીજી અને પૂ. કાકાએ કરી છે તે ખરેખર તેમની પ્રખર સાધના છે. પ્રભુકૃપા અને સાધનામય જીવનથી આ સજ્જન દંપતીએ પોતાના ગૃહસ્થાશ્રમની તુલાને આધાર આપ્યો છે. એક ત્રાજવામાં પ્રભુકૃપા છે અને બીજા ત્રાજવામાં આ ભક્તદંપતીની ઉત્કટ સાધના છે. એટલે તેમના ગૃહસ્થાશ્રમની સમતુલા અજબ રીતે જળવાઇ રહી છે.

પૂ. યોગેશ્વરજી પોતાની હિમાલયની સાધના દરમ્યાન અવારનવાર આ પાવન ગૃહસ્થાશ્રમના મહેમાન બનતા રહેતા. પૂ. શ્રીના સાંનિધ્યથી સુસંસ્કારોને પોષણ મળતું રહેતું. છેક હિમાલયમાં બેઠાં બેઠાં પણ પૂ. શ્રી અવારનવાર પત્રો લખીને આ સ્નેહાળ જીવનસાથીઓને સાથ પુરાવ્યા કરતા. પૂ. જીજીએ પૂ. શ્રીના આ પત્રોને એકઠા કરીને, સાચવીને પ્રભુપંથના પથિકોને અદ્‌ભુત પાથેય પૂરું પાડયું છે. "હિમાલયના પત્રો"નું પાથેય પૂ. જીજીની જાગૃતિનું જીવંત ઉદાહરણ છે. જો પૂ. જીજીએ આ પત્રો સાચવ્યા ન હોત તો કદાચ અનેકોનું જીવનપરિવર્તન કરતું આ પુસ્તક હયાત ન હોત! એક પરમપુરુષની પત્રપ્રસાદી સાચવીને પોતે તો લાભાન્વિત થયાં છે, સાથે સાથે જિજ્ઞાસુ સાધકોને દીર્ઘકાળ સુધી લાભ પહોંચતો રહેશે. પુસ્તકો ભરાય તેટલા પૂ. યોગેશ્વરજીના પ્રેરણાપ્રસંગો આ ભક્ત દંપતી પાસે છે. છેક છેલ્લી ઘડી સુધી પૂ. જીજીને આ પાવન પ્રસંગો એવા જ કંઠસ્થ હતા, ભાવિકોને તેનું અમૃતપાન કરાવ્યા કરતાં.

આ સુખી જોડાના સર્જન પાછળ આ પરમપુરુષની કૃપાદૃષ્ટિ હતી! પૂ. યોગેશ્વરજીના જાણે તેઓ માનસસંતાનો હતાં! નજીક

રહીને પણ એક સંસારી પિતા પોતાના સંતાનોને ન આપી શકે તે દિવ્યપ્રેમ અને અધ્યાત્મ–સંસ્કારોનું ભાથું દૂર રહીને પણ આ મહાપુરુષે પોતાનાં કૃપાપાત્ર પાત્રોને પીરસ્યું છે. એક પ્રેમાળ પરિવારની જેમ તેઓ સાથે રહ્યા છે. પ્રભુને પણ પરિવારની જરૂર પડે તો કેવાં પાત્રો પસંદ કરે તેનું આ વિરલ ઉદાહરણ છે. પૂર્વસંસ્કારના ભાથાને લીધે એ પરમપુરુષ સાથે તેઓની આત્મીયતા સહજ અને ઘનિષ્ઠ હતી!

એક સંસ્કારસંપન્ન સન્નારી પોતાના સંસારને કેવો પ્રેમભરપૂર અને સંસ્કારસંપન્ન બનાવીને સંસારમાં જ સ્વર્ગનું સર્જન કરી શકે છે, તેનું પૂ. જીજી એક વિરલ ઉદાહરણ છે. સમાજ સમક્ષ તેમણે એક આદર્શ દાંપત્યજીવનનું ઉદાહરણ પેશ કર્યું છે. એક સામાન્ય માનવીમાં સંજોગો વચ્ચે જ, સંસારના કાદવ વચ્ચે જ કમળ જેવાં પ્રફુલ્લ, શાંત અને સુવાસિત સંસારનું સર્જન કર્યું હતું. પૂ. જીજીએ અધ્યાત્મ–સંસ્કારોથી સંપન્ન પાંચ સંતાનોને સમાજ અને દેશને ચરણે ધર્યાં છે. આ સંતાનોએ પોતાનાં માતા-પિતાના સંસ્કારોની સુવાસ સમાજમાં રહીને પોતાની આસપાસ ફેલાવી છે. બધાં જ સંતાનો પોતપોતાના ક્ષેત્રમાં રહીને પૂ. જીજી અને પૂ. કાકાના સંસ્કારવારસાને ઉજાળે છે. સમાજ અને દેશને ચરણે સંસ્કારસંપન્ન સંતાનો ધરવાં એ પણ એક મહાન સેવા છે. પૂ. જીજી અને પૂ. કાકાએ મળી સમાજનું પર્યાવરણ આ રીતે સંસ્કારી સંતાનોને સમાજ વચ્ચે મૂકીને સુધાર્યું છે. આ સેવા પણ નાનીસૂની નથી. સૌ દંપતીઓ આ રીતે પોતે સંસ્કારસંપન્ન બનીને પોતાનાં સંતાનોને પણ સુસંસ્કારોનું પોષણ આપીને પોતાનું જીવન તો સુધારે, સાથે સાથે સમાજમાં જ્યાં વસે ત્યાં



પણ પોતાના સંસ્કારોથી સામાજિક પર્યાવરણ સુધારે તો એક સંસ્કારસંપન્ન સમાજનું નિર્માણ આ રીતે શક્ય બની શકે!

પૂ. જીજી આદર્શ માતા, આદર્શ પત્ની ઉપરાંત આદર્શ ભક્ત સાધક પણ હતાં. આપણે આગળ જોયું તેમ પિતા જેવા પ્રભુશ્રી યોગેશ્વરજી તેમને પુણ્યબળે પ્રાપ્ત થયા હતા. એ પ્રભુનો વરદ હસ્ત સદાય તેમના શિરે રહેતો. તેથી પૂ. જીજીની આધ્યાત્મિક પ્રગતિ પણ અદ્ભુત રીતે થઇ. પોતાના વિશાળ સંસારની જવાબદારી સંભાળવાની સાથે સાથે પોતાની આંતરિક સાધના પણ સાધતાં રહ્યાં. પૂ. મા અને પ્રભુની સેવા, પૂજા, સ્મરણ, ધ્યાન, માળા નિયમિત કરતાં રહેતાં. તેમના પવિત્ર આહારવિહારને લીધે તેમને ધ્યાન અને સ્વપ્નમાં અનેક દિવ્ય અનુભવો થતા રહેતા. આ દિવ્ય અનુભવોનો રસથાળ પૂ. જીજી પાસેથી માણવામાં અદ્ભુત આનંદ આવતો. પૂ. યોગેશ્વરજીના કૃપાપ્રસંગો તેમને મોઢે સાંભળવા એ એક અનેરો લહાવો હતો. પૂ. શ્રીના અનેક ભજનો તેમને કંઠસ્થ હતાં. તેમની યાદશક્તિ અદ્ભુત હતી. શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ-સહસ્રનામ, સંસ્કૃતમાં પણ તેમને કંઠસ્થ હતાં. ભગવદ્ગીતાના અધ્યાયો, બાવનીઓ, આનંદનો ગરબો, સુંદરકાંડ, આરતીઓ, સ્તુતિઓ, સાઇબાબાનાં ભજનો, સ્તુતિઓ ગુરુવારે ગવાતી આરતી અને સ્તુતિ પણ તેમને કંઠસ્થ હતાં. મોટા ઘરનો કારોબાર સંભાળતાં સંભાળતાં પોતાની અંગત સાધના પણ આ રીતે સમય કાઢીને પણ કર્યા કરતાં, ઘરમાં કામ કરવા આવતી બહેનો પણ તેમની ભક્ત બની જતી. ચંપાબેનની આત્મીયતા તો આજે પણ એવી જ છે.

પૂ. જીજીનું વ્યક્તિત્વ ફૂલ જેવું કોમળ અને સૌમ્ય હતું. શરીર પણ નાજુક હતું, તેમની ભાવભરપૂર આંખોનું દર્શન કરવાનું

ખૂબ ગમતું. ભાલપ્રદેશમાં નાનકડી બિંદી, આંખોમાં ભરપૂર ભાવ, મુખારવિંદ પર રમતા પવિત્ર ભાવો, હોઠો પર સદાય રમતા સૌમ્યસ્મિત અને સુઘડ પોષાકમાં પૂ. જીજી ખરેખર પ્રેમ અને પવિત્રતાની સૌમ્ય મૂર્તિ સમાં લાગતાં.

પૂ. મા અને પ્રભુના વિશાળ પરિવારનાં તેઓ લાડકવાયાં 'જીજી' હતાં. સૌ તેમને 'જીજી'ના પ્યારભર્યા લ્હેકાથી સંબોધતાં અને સન્માનતાં. પૂ. જીજી તેમના સુંદર, સરસ, સૌમ્ય, સ્નેહાળ વ્યક્તિત્વથી સૌનાં આદરપાત્ર બની રહેતાં. તેમનો સન્માન સમારંભ ક્યારેય યોજવો નહોતો પડયો, કારણકે,

હૃદયના શુદ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે,
ન પરવા માનની તોયે, બધાં સન્માન ઓછાં છે.

પૂ. જીજીમાં પ્રેમ અને પવિત્રતાની એવી સહજ પ્રતિષ્ઠા હતી કે તેઓ પગલે પગલે સહજ જ સન્માનિત થતાં રહેતાં. તેમને ફૂલમાળા પહેરાવવાની જરૂરત ન લાગતી, કારણકે સૌ પોતાના આદરભાવોનાં પુષ્પો એ ચરણોમાં અર્પિત કર્યા કરતાં. તેમના બહારના વ્યક્તિત્વને શણગારવાની, સન્માનવાની જરૂર ન રહેતી, કારણકે હૃદયના શુદ્ધ ભાવોને બધા જ શણગાર અને સન્માન ઓછાં પડે છે.

પૂ. જીજી જીવનના અંત સુધી ગુપ્ત જ રહ્યાં. ગુપ્ત સરસ્વતી નદીની જેમ આ સરસ્વતી પણ ગુપ્ત જ વહેતાં રહ્યાં! તેમને ક્યારેય બહાર વહીને પોતાનો પ્રભાવ બતાવવાની જરૂર ન પડી, અને વાત પણ સાચી જ છે ને! પવિત્રતાને, સૌમ્યતાને, સરળતાને, સાલસતાને પોતાનો જ પ્રભાવ હોય છે. તેમને કંઇ ઉછીનું લેવું પડતું નથી. પૂ. જીજી આવી સ્વયંપ્રભાથી વિભૂષિત



થઇને પોતાનામાં જ પ્રતિષ્ઠિત રહ્યાં! પૂ. કાકાની છાયા બનીને સદાય તેમની સાથે રહ્યાં. પોતાનું વ્યક્તિત્વ તેમણે પૂ. કાકામાં વિલીન કરી દીધું. આ જીવનના અંત સુધી પૂ. જીજી ક્યારેય પૂ. કાકાથી જુદા પડયાં નહતાં. દેશપરદેશમાં જવાનું હોય કે પૂ. માના સત્સંગના કાર્યક્રમો હોય કે પોતાના વ્યવહારનું કામ હોય, પૂ. જીજી સાથે જ હોય. છેલ્લે પરદેશના ભક્તોના આગ્રહને વશ થઇને પૂ. મા સાથે પૂ. જીજી અને પૂ. કાકા ઇંગ્લેંડ, અમેરિકા અને કેનેડાની યાત્રાએ જઇ આવ્યાં. જ્યાં પણ હોય ત્યાં પૂ. જીજી ને પૂ. કાકા સાથે જ હોય, તેવી એક છાપ સૌના અંતરમાં અંકિત થઇ ગઇ હતી. આ ભક્ત દંપતી જીવનના પગલે પગલે સાથે જ ચાલતાં રહ્યાં. પરંતુ શરીર છોડયું તે પહેલાં પૂ. જીજી એવી ઇચ્છા વ્યક્ત કર્યા કરતાં કે તમારી પહેલાં મારે આ સંસારમાંથી વિદાય લેવી છે, અને ખરેખર પોતાની ઇચ્છા પ્રમાણે પહેલાં જ પ્રભુના ધામમાં પહોંચી ગયાં.

પરસ્પરની સેવા પણ આ સેવાભાવી દંપતીએ એટલાં જ ભાવથી કરી છે. પૂ. કાકા ભાવનગરમાં બિમાર પડયા ત્યારે પૂ. જીજીએ પણ મન મૂકીને સેવા કરી અને પૂ. જીજીની છેલ્લી બિમારીમાં પૂ. કાકા અને સમગ્ર કુટુંબના સભ્યોએ ખર્ચ સામું જોયા વિના, અને રાતદિવસ એક કરીને ઊભે પગે સેવા કરી. પૂ. જીજીની અંતિમ સમયની સેવાનો ખરો યશ રાજકોટના શ્રી કાંતિભાઇના ફાળે જાય છે. પૂ. જીજી બિમાર પડયાં ત્યારથી તેમની અંતિમ વિદાય સુધી એક દિવસ એવો નથી ગયો કે શ્રી કાંતિભાઇ પૂ. જીજીની સેવામાં હાજર ન હોય! બીજો સેવાનો યશ ભાવનગરનાં શ્રી નલિનીબેન મહેતાના ફાળે જાય છે. તેમણે પણ અંતિમ પળો સુધી નિષ્ઠાપૂર્વક સેવા કરી. આ બંને સેવકોને

અંતરથી વંદના કર્યા વિના રહી શકાતું નથી. તેમનાં સુપાત્ર સંતાનોએ પણ રાત દિવસ જોયા વિના ભાવપૂર્વક સેવા કરી.

વશિષ્ઠ અરુંધતી, સત્યવાન સાવિત્રી, અત્રિ, અનસુયા જેવા આપણાં ઋષિકુળના પવિત્ર ગૃહસ્થાશ્રમની ઉજ્જવળ પરંપરાને દીપાવનારાં પૂ. જીજી અને કાકા આધુનિક યુગના ઋષિદંપતી હતાં. તેઓ પતિપરાયણ સતી તો હતાં જ, સાથે પૂ. મા પ્રભુના પરમ-ભક્ત હતાં તેમ જ કુટુંબવત્સલ માતા હતા.

તેમનો ગૃહસ્થાશ્રમ શ્રી જલારામબાપા અને વીરબાઇમાના જીવનમંત્ર "દેને કો ટુકડો ભલો લેનેકો હરિનામ"ની યાદ અપાવતો હતો. તેઓની જીવનપરબે આવનાર અતિથિઓનો સત્કાર થતો. સૌ પ્રેમથી પોષાતા અને ટુકડાથી સંતોષાતા.

એક ખોટ આપણને સદાય સાલ્યા કરશે. પૂ. જીજી અને પૂ. કાકાને એકસાથે જ જોવા ટેવાયેલાં આપણાં ચક્ષુ હવે પૂ. કાકા સાથે પ્રેમની વેલે વીંટળાઇને ધીમી ચાલે ચાલી આવતી એ સૌમ્યમૂર્તિનાં સજીવ દર્શન નહીં કરી શકે!

જગતમાં જીવે તો ઘણાં પરંતુ પૂ. જીજીની જેમ જીવી જાય છે તો કેટલાંક વિરલાઓ જ. પૂ. જીજીનું જીવન આદર્શના પ્રતીક જેવું હતું. જીવનના દરેક પાસાને આદર્શ રીતભાતથી ઉજ્જવળ કર્યાં. આવા આપણાં સૌનાં પ્રેમાદરનાં પાત્ર વહાલાં પૂ. જીજીને આપણે શું અંજલિ આપી શકીએ? અંજલિ તો આપણે તેમનાં જીવન-માંથી ભરવાની છે. પૂ. જીજી ફક્ત પૂ. કાકા અને તેમનાં પરિવારનાં જ ન હતાં, આપણાં સૌનાં પણ છે. આપણે સૌ પૂ. જીજીનાં સંતાનો છીએ. પૂ. જીજીના ઉજ્જવળ સંસ્કાર–વારસાને દીપાવવો તે આપણી સૌની ફરજ છે, અને તે જ આપણી સૌની ભાવભીની



હાર્દિક અંજલિ છે. અંતિમ માંદગીના દિવસોમાં પૂ. કાકાએ જે વિરહવ્યથા અનુભવી. પૂ. જીજીની પવિત્ર યાદમાં જે પ્રેમાશ્રુઓ વહાવ્યાં, એમની કલમમાંથી જે સહજ પ્રેમાંજલિઓ વહી તે પ્રેમાદરની પુષ્પમાળાઓથી જીવનની અંતિમ વિદાય ભાવભીની બનીને અમર થઇ ગઇ! પ્રણામ એ પ્રેમપયસ્વનીને!

પૂ. જીજી જીવનભર સદ્ગતિ જ કરતાં રહ્યાં છે. તેમની દુર્ગતિની તો કલ્પના પણ કેમ સંભવે? પૂ. જીજીએ પોતાના જીવનમાં પૂ. મા અને પ્રભુનો સાચો આધાર પસંદ કર્યો હતો, અને એ એક જ આધારે જીવનનો જંગ જીતી ગયાં!

મારે તારો આધાર, જીવનના જંગમાં,
તારો એક જ આધાર જીવનના જંગમાં.
બીજા આધાર કશા કામ ના આવે,
દુઃખ તેમ દર્દનો અંત ના લાવે;
આપે કંઇ ના આરામ, જીવનના જંગમાં.
મારે તારો આધાર, જીવનના જંગમાં.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭

વિદેશના એક યુવાનનો

# અદ્‌ભુત ભાવપૂર્ણ પ્રેરણાસ્પદ પત્ર

[આ પત્રનો લેખક શ્રી હિતેશ લાડ નામનો યુવક છે. તે હાલ કેનેડામાં રહી, એન્જિનિયરીંગ કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરિચયમાં આવ્યા પછી તેનામાં જે ભાવ જાગ્યો છે, સમજ પેદા થઇ છે, તેનો કંઇક ખ્યાલ તેના આ ભાવપૂર્ણ પત્ર પરથી આવે છે. તે બીજાઓ માટે ખૂબ પ્રેરણાસ્પદ હોઇ, અત્રે રજૂ કરેલ છે. તેનો ગુજરાતી અનુવાદ પણ અંગ્રેજી ન જાણનાર વાંચકો માટે મૂક્યો છે. —તંત્રી]

11.02 P.M. LETTER # 1 FRIDAY JANUARY 07, 1994

JAI KRUPALU MAA!

HARI OM MAA, I BOW DOWN TO YOU MAA, MOTHER OF THE UNIVERSE. I BOW DOWN TO SHRI YOGESHWAR BHAGWAN. I BOW DOWN TO SHRI JALARAM BAPA.

HOW ARE YOU MAA? I HOPE THAT YOU ARE IN THE BEST OF HEALTH MAA, I AM READING THE "HOLY MOTHER" BY SWAMI NIKHILANANDA. SLOWLY I AM NOW UNDERSTANDING EVERYTHING. IGNORANCE IS BEING REMOVED. I USED TO THINK A LOT ABOUT YOGESHWAR BHAGWAN. I USED TO ASK MYSELF, "WHY DID YOGESHWAR BHAGWAN COME QUIETLY INTO THIS WORLD, AND THEN LEAVE VERY QUIETLY?" HE WAS SUCH AN EXTRAORDINARY SOUL, THE GREATEST FORCE THIS UNIVERSE HAS SEEN, YET IT SEEMED HE CAME THROUGH THE FRONT DOOR AND LEFT THROUGH THE BACK QUIETLY UNNOTICED. OF COURSE, HE HAD WRITTEN MANY BOOKS, GAVE COUNTLESS SPEECHES, TRAVELLED THE WORLD, BUT THERE SEEMED TO BE A MYSTERY ABOUT YOGESHWAR BHAGWAN WHICH I COULD NOT SOLVE.



HOWEVER, AFTER READING ABOUT SRI SARADA MAA, I FOUND THE ANSWER ! THE PUZZLE WAS SOLVED, NOW I KNOW WHAT YOGESHWAR BHAGWAN'S LIFE WAS ALL ABOUT. I WILL TELL YOU MAA, WHAT I DISCOVERED :

YOGESHWAR BHAGWAN WAS A DIRECT INCARNATION OF GOD. IN FACT, HE WAS THE INCARNATION OF SRI RAMAKRISHNA PARAMHANSA. I ALREADY KNEW THIS, BUT THIS IS WHAT I DID NOT KNOW. HE CAME INTO THIS WORLD AS AN ORDINARY HUMAN BEING. AS HE GREW UP, HE NOTICED THAT ON THIS EARTH, HARDLY ANYBODY WAS GOING TO GET MOKSHA. HE SAW THAT MAN WAS LEADING THE LIVES OF ANIMALS. PEOPLE

WERE ACTING LIKE WILD DOGS, LOOSE ON STREET, MAD AFTER THE 5 SENSES, HE SAW NO HOPE FOR THESE HELPLESS PEOPLE. HE SAW THE ENDLESS SUFFERING OF MAN. PEOPLE WERE HANKERING AFTER MONEY, LUST, DRINK. HE FORE-SAW THE FUTURE, AND SAW THAT NONE OF THESE IGNORANT FOOLS WOULD GET MOKSHA. HE SAW THE ENDLESS JAILS OF HELL FULL TO CAPACITY. HE FELT SORRY FOR MAN. COMPASSION FILLED HIS HEART. HE BECAME SAD. HE PRAYED TO GOD, HE ASKED GOD, IS THERE NO HOPE IN SIGHT? WHO IS GOING TO SAVE THESE LOST IGNORANT FOOLS HANKERING AFTER THEIR WILD ANIMAL INSTINCTS, ENDLESSLY SUFFERING THE CYCLE OF BIRTH AND DEATH, THE CYCLE OF SAMSARA?

THEN, A LIGHT BULB LIT IN YOGESHNAR BHAGWAN'S MIND. HE THOUGHT, WHY NOT ASK GOD TO COME DOWN ON EARTH AND HELP THESE RUTHLESS SAVAGE DOGS AND WILD BEASTS? IF GOD WOULD NOT SAVE THESE SOULS THEN WHO WOULD?

YOGESHWAR BHAGWAN MADE UP HIS MIND. HE DETERMINED TO CONVINCE GOD TO TAKE BIRTH ON THIS EARTH, NOT FOR HIS OWN SELFISH REASONS, BUT FOR THE WELFARE OF



HUMANITY AT LARGE. OF COURSE YOGESHWAR BHAGWAN FACED AN INCREDIBLE TASK AHEAD OF HIM ! MANY PEOPLE HAVE SECURED THE BOONS OF GOD, BUT NO WHERE IN THE HISTORY OF EARTH HAS ANY INDIVIDUAL EVER SUCCEEDED IN CONVINCING GOD TO TAKE BIRTH ON THIS EARTH, AT AN UNSCHEDULED TIME. THUS, SUCH A MONSTEROUS TASK LAY AHEAD FOR YOGESHWAR BHAGWAN. BUT THIS DID NOT MAKE HIM LOSE HEART. HE WAS NOW MORE DETERMINED THAN EVER BEFORE. HE WANTED TO BECOME THE "FIRST" PERSON TO ACCOMPLISH SUCH A TASK.

HE THEN WENT TO THE HIMALAYAN MOUNTAINS AND PERFORMED THE SEVEREST OF SADHANAS. TO SUCH A DEGREE OF PENANCE HE PERFORMED, THE MOUNTAINS ROCKED, THE OCEAN BECAME TURBULENT AND THE EARTH SHOOK NERVOUSLY. NEED I SAY THAT HE WAS SUCCESSFULL? GOD FINALLY ANSWERED HIS PRAYERS AND WAS MADE TO PROMISE HIM THAT MILLIONS OF IGNORANT FOOLS WOULD BE LIBERATED LIGHT YEARS AHEAD OF SCHEDULE.

SOMEONE READING THIS LETTER MAY ASK, "WAIT A MINUTE. WHERE AND WHOM IS THIS INCARNATION OF GOD?"

I WAS SUCH AN IGNORANT FOOL MAA ! BUT I NOW KNOW THE ANSWER ! I FEEL LIKE DANCING ON MOUNT KAILAS. I KNOW THE SECRET OF THE UNIVERSE ! HA, HA, THERE IS NO FORCE IN THE UNIVERSE THAT CAN STOP ME FROM OBTAINING MOKSHA IN THIS LIFE. I AM GOING TO BE FREE ! THIS IS THE LAST BIRTH I AM GOING TO TAKE IN THIS SAMSARA-THIS ENDLESS CYCLE OF BIRTH AND DEATH. MAA, I AM GOING TO BE LIBERATED ! YES ! I WAS SUCH AN IGNORANT FOOL. BUT NO LONGER THE VEIL OF IGNORANCE HAS BEEN REMOVED ! HA HA. I AM EVER FREE, I ALREADY FEEL THESE IRON CHAINS BINDING ME TO THESE ENDLESS CYCLES OF BIRTH AND DEATH BECOMING LOOSE. LO AND BEHOLD, I KNOW THE SECRET OF THIS UNIVERSE ! GLORY BE TO GOD ! GLORY BE TO SRI YOGESHWAR BHAGWAN !

MAA, IT IS NONE OTHER THAN YOU ! YOU ARE GOD INCARNATE. THE VERY EMBODIMENT OF SRI YOGESHWAR BHAGWAN'S SADHANA. YOU HAVE COME DOWN ON THIS EARTH, AT SRI YOGESHWAR BHAGWAN'S INSISTANCE, TO LIBERATE THE MASSES OF IGNORANT RUTHLESS WILD ANIMALS WHO ARE LOST ON THIS EARTH, AND WANDERING ABOUT AIMLESSLY LIKE VEGABONDS !



WHAT DOES THIS MEAN MAA? IT MEANS THAT SRI YOGESHWAR BHAGWAN HAS CHANGED THE DESTINY OF THIS WORLD. MAA, YOU ARE NOT SUPPOSED TO BE HERE ON THIS EARTH NOW. IN FACT, YOU NEVER PLANNED TO TAKE BIRTH IN THIS ERA. FIFTY YEARS AGO, IF A GREAT SEER LOOKED INTO THE FUTURE, HE COULD NOT FORE-SEE YOUR BIRTH. IN FACT, HE WOULD NOT SEE YOU AT ALL. MAA, I AM NOT EVEN SUPPOSED TO BE WRITING THIS LETTER TO YOU NOW. YOU NEVER PLANNED TO TAKE BIRTH HERE. IF ONE WERE TO LOOK AT GOD'S SCHEDULE, HE WOULD FIND A BLANK SPACE ON THE PAGE OF TODAY'S DATE/ERA.

SRI, YOGESHWAR BHAGWAN HAS CHANGED THE DESTINY OF MANKIND. HE HAS CHANGED THE FUTURE. BY THE TIME THIS IS ALL OVER, HE WILL HAVE ADVANCED MAN'S GOAL OF LIBERATION BY THOUSANDS OF LIGHT YEARS.

WHAT IS YOGESHWAR BHAGWAN'S SADHANA? EVERY TIME WE LOOK AT YOU MAA, EVERYTIME WE SAY YOUR NAME, THIS IS YOGESHWAR BHAG-WAN'S SADHANA.

EVERY TIME WE TAKE YOUR PICTURE, EVERY TIME WE RECORD YOUR VOICE, EVERY TIME WE

TAKE A VIDEO OF YOU MAA, THIS IS YOGESHWAR BHAGWAN'S SADHANA.

EVERYTIME WE TALK WITH YOU MAA, EVERYTIME YOU NAME A CHILD ( I. E. DHRUV, ARJUN, NITYA ), THIS IS YOGESHWAR BHAGWAN'S SADHANA.

EVERYTIME WE LISTEN TO YOUR VOICE ON AUDIO TAPES, EVERYTIME WE SEE YOUR PICTURE ON VIDEO TAPES, EVERYTIME WE SEE YOUR PHOTO'S IN ALBUMS, THIS IS YOGESHWAR BHAGWAN'S SADHANA. YOUR MERE PRESENCE ON THIS EARTH IS YOGESHWAR BHAGWAN'S SADHANA. EVERY SOUL THAT GETS LIBERATED BY YOUR GRACE MAA, THIS IS YOGESHWAR BHAGWAN'S SADHANA. GLORY TO SHRI YOGESHWAR BHAGWAN ! THE EARTH HAS YET TO SEE SUCH A SOUL AS HE. HAIL YOGESHWAR BHAGWAN !

AND GLORY BE TO YOU MAA, MOTHER OF THE UNIVERSE ! I AM GOING TO REPEAT WHAT SWAMI PREMANANDA SAID ABOUT SARADA MAA. THIS APPLIES TO YOU MAA.

WHO HAS UNDERSTOOD MAA? SHE DOES NOT REVEAL THE SLIGHTEST POWER IN HER. HAIL MOTHER ! HAIL MOTHER ! WHAT GREAT POWER



SHE POSSESSES ! VICTORY UNTO YOU, THE FOUNTAIN OF ALL POWER ! THE POISON WE DARE NOT SWALLOW, WE PUSH TO YOU MAA, AND MOTHER WELCOMES IT. WHAT INFINITE POWER ! WHAT IMMEASURABLE COMPASSION ! HAIL MOTHER ! HOW INSIGNIFICANT WE ARE, YOU GAVE SHELTER TO ALL. MOTHER ! MOTHER ! HAIL MOTHER ! YOU ALONE ARE WORTHY OF WORSHIP. LET ME BOW DOWN TO THE DUST OF YOUR FEET. YOUR COMPASSION IS IMMEASURABLE. GLORY BE TO YOU MAA ! WHAT INFINITE POWER YOU POSSESS ! VICTORY UNTO YOU MAA ! OM MAA ! OM MAA !

YOU ARE THE SAVIOUR OF MANKIND. GLORY BE TO YOU MAA !

GLORY BE TO SHRI YOGESHWAR BHAGWAN !

GLORY BE TO YOU MAA !

YOUR SON
**HITESH LAD.**

હિતેશ લાડનો પૂ. મા ઉપર પત્ર ટોરન્ટોથી

સમય ૧૧–૦૨ બપોર. શુક્રવાર જાન્યુ. ૭, ૧૯૯૪

જય કૃપાળુ મા!

હરીઓમ મા! મા! આપને પ્રણામ! આપ જગૃજનની છો. પૂ. શ્રી યોગેશ્વર ભગવાનને પ્રણામ! શ્રી શીરડી સાંઇબાબાને પ્રણામ! શ્રી જલારામ બાપાને પ્રણામ! કેમ છો મા? આપની તંદુરસ્તી સંપૂર્ણ સારી હશે એવી આશા છે. મા, હું સ્વામી નિખિલાનંદે લખેલ HOLY MOTHER નામનું પુસ્તક વાંચું છું. મા, મને ધીરે ધીરે બધું સમજાય છે—અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતો જાય છે. પૂ. યોગેશ્વર ભગવાન વિશે હું ખૂબ ખૂબ વિચાર કરું છું.

હું મારી જાતને પૂછું છું કે પૂ. યોગેશ્વર ભગવાને આ દુનિયામાં ચૂપચાપ આવ્યા ને તે જ પ્રમાણે શા માટે વિદાય લીધી? દુનિયાએ જો કોઇ મહાન વિભૂતિનું દર્શન કર્યું હોય તો તેવી વિરલ વિભૂતિ પૂ. શ્રી યોગેશ્વરજી જ હતા. છતાં પણ એમ લાગે છે કે તેઓશ્રી આગળના દરવાજેથી આવીને પાછલા દરવાજેથી કોઇને પણ ખ્યાલ ના આવે તે રીતે વિદાય થઇ ગયા.

અલબત્ત તેઓશ્રીએ ઘણા ગ્રંથો લખ્યા છે તથા ભારત તેમ જ વિદેશોમાં ઘણાં પ્રવચનો આપ્યાં છે. છતાં પણ યોગેશ્વર ભગવાનનું રહસ્ય હું પામી શક્યો નથી.

તેમ છતાં પૂ. શારદામા વિશેના વાંચન દ્વારા મને મહાત્માજી વિશે વિશેષ સમજણ પડી છે. પ્રશ્ન હલ થયો એમ લાગે છે. મા! પૂ. યોગેશ્વર ભગવાનના જીવનવિશે હવે મને ઘણું બધું સમજાયું છે, અને મેં જે જાણ્યું છે તે તમોને કહું છું. પૂ. શ્રી યોગેશ્વરજી



ઈશ્વરના જ અવતાર હતા. હકીકતમાં તેઓ શ્રી રામકૃષ્ણનો અવતાર હતા તે હું જાણતો હતો પરંતુ અગાઉ હું ન હતો જાણતો. આ દુનિયામાં તેઓશ્રી એક સામાન્ય માનવી તરીકે અવતરિત થયા. ધીરે ધીરે તેઓને લાગ્યું કે આ સમગ્ર વિશ્વમાં ભાગ્યે જ કોઇને મોક્ષ મળશે.

લોકોને પશુ સમાન જિંદગી ગાળતાં, રસ્તે રઝળતા જંગલી કૂતરા જેવું લોકો વર્તન કરતાં, પાંચ વિકારોથી વશીભૂત થતાં જોઇને તેઓનું હૃદય દ્રવી ઊઠયું. આ અસહાય જીવો માટે તેઓને તેમાંથી મુક્ત થવાની કંઇ આશા ના દેખાઇ—લોકોની યાતનાનો કોઇ જ અંત ના હતો. કારણકે તેઓ કાંચન, કામિની તથા બીજા વિકારોમાં ડૂબેલા હતા. પોતાની દિવ્ય દૃષ્ટિ સમક્ષ વિશ્વનાં દુઃખી માનવોનું ભવિષ્ય તેઓને સહજ જ દર્શન થયું ને જણાયું કે આ અજ્ઞાની તથા દુઃખી લોકોને માટે મોક્ષના દરવાજા બંધ છે. નર્ક-રૂપી વિશાળ કેદ તેઓ માટે ખીચોખીચ ભરેલી પડી છે. પૂ. શ્રી બહુ જ દુઃખી થયા, અને તેમના હૃદયમાં આ લોકો માટે ખૂબ જ કરુણા જાગૃત થઇ. તેઓશ્રીએ પ્રભુને પ્રાર્થના કરી કે પ્રભુ! શું આ જીવોને મુક્ત થવા માટે કંઇ આશા નથી? આ બધા મૂર્ખ, અજ્ઞાની, પશુ સમાન જિંદગી જીવતાં, જેનો કોઇ જ અંત નથી એવા સંસારના જન્મમરણનાં ચક્રમાં ફસાએલા, વિકારોને વશી-ભૂત, દુઃખી તેમ જ અસહાય માનવોના ઉદ્ધાર માટે શું કરીશું?

પૂ. શ્રી અતિ દયાળુ હતા. એઓશ્રીએ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી કે "હે પરમાત્મા, આપશ્રી આ વિશ્વમાં અવતરિત થઇને જો આ અજ્ઞાની, આપનાથી વર્ષોથી (કલ્પોથી) વિખૂટા પડેલા આપના આ બાળકોનું કલ્યાણ નહીં કરો તો બીજું કોણ કરશે?

આ પ્રમાણે લોકોને દુ:ખી, અશાંત, નિરાશ જોઇને તેઓને ખૂબ જ લાગી આવ્યું ને પરમાત્માને આ દુ:ખપૂર્ણ જગતમાં અવતાર લેવા માટે મનાવ્યા. પોતાના અંગત લાભ માટે નહીં પણ વિશ્વના કલ્યાણ માટે જ તેઓશ્રીએ એમ કર્યું.

જો કે તેઓશ્રી માટે પરમાત્માને આ પૃથ્વી ઉપર અવતરિત કરાવવા એ એક પડકાર જ હતો. ઈશ્વરકૃપાની અનુભૂતિ તો ઘણા મહાન લોકોએ કરી છે, પરંતુ સ્વયં પરમાત્માને આ વિશ્વમાં અવતરિત કરાવવાનું અશક્ય કાર્ય પૂ. યોગેશ્વરજી સિવાય વિશ્વની કોઈપણ વિભૂતિએ કર્યું હોય એવું દુનિયાના ઈતિહાસમાં કોઇએ નોંધ્યું નથી. કારણકે પરમાત્માને અવતરિત થવાનો જે નિશ્ચિત સમય છે તે હજી પૂરો થયો ન હતો છતાં પૂ. શ્રીએ પરમાત્માને આ વિશ્વમાં અવતરિત કરાવ્યા. આમ વિશ્વના કલ્યાણના કાર્યનો શુભારંભ પૂ. શ્રીએ કર્યો. આ એક પડકાર હતો છતાં નિરાશ ન થતાં વિશેષ દૃઢનિશ્ચય થયા. આવી વિશેષ સિદ્ધિ મેળવવાનું માન યોગેશ્વરજીને જ વિશ્વમાં સૌ પ્રથમ મળ્યું.

તેઓશ્રીએ દૂર દૂર હિમાલય પર્વત ઉપર જઇને અતિ કઠોર સાધનાનો પ્રારંભ કર્યો. સાધના એટલી તીવ્ર હતી કે પર્વતો પણ ડગવા લાગ્યા અને સમુદ્ર પણ મર્યાદા ઓળંગવા ઉત્સુક જણાયો. આખું વિશ્વ ખળભળી ઊઠયું. શું મારે કહેવાની જરૂર ખરી કે તેઓને સાધનામાં સફળતા સાંપડી? છેવટે તેઓશ્રીની સાધનાના ફળસ્વરૂપે સાક્ષાત્ જગદંબાએ તેનો પ્રત્યુત્તર આપતાં વચન આપ્યું કે વિશ્વના અસંખ્ય દુ:ખી અને અશાંત લોકોનો ઉદ્ધાર નિશ્ચિત સમય પહેલાં જ તમારા હસ્તક થશે. આ પત્ર વાંચીને કોઇ સહેજે પૂછશે કે પરમાત્માનો આ અવતાર કોણ, અને તે ક્યારે થયો?



હે મા! હું પણ અજ્ઞાની જ હતો. હવે મને જ્ઞાન થયું અને જાણે કે હું કૈલાસ પર્વત ઉપર નૃત્ય કરતો હોઉં તેમ લાગ્યું. વિશ્વના અદ્‌ભુત રહસ્યનું મને જ્ઞાન થયું. હા હવે હું જરૂર કહીશ કે મોક્ષની પ્રાપ્તિ માટે મને વિશ્વની કોઈપણ તાકાત અટકાવી નહીં શકે. હવે હું મુક્ત છું. વિશ્વમાં જન્મમરણના અવિરતપણે ચાલતા આ ચક્રમાં હવે મારો આ આખરી જન્મ છે. મા! હવે હું મુક્ત થવાનો! હા, પહેલાં હું પણ દુ:ખી, અજ્ઞાની ને અશાંત હતો. પરંતુ હવે નથી. અજ્ઞાનરૂપી અંધકારનું આવરણ હવે દૂર થયું છે. હા હવે હું મુક્ત છું. જન્મમૃત્યુના ચક્રની અવિરત ચાલતી આ લોખંડી શૃંખલાઓએ મને જકડી રાખેલ તે ઢીલી પડી ગઇ કારણકે હવે મને વિશ્વનાં રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

પ્રભુનો જય હો, યોગેશ્વર પ્રભુનો જય હો. હે મા! તમારા સિવાય બીજો કોઇ જ ઈશ્વરનો અવતાર નથી. તમે જ પર-માત્માના અવતાર છો! યોગેશ્વર પ્રભુની જીવંત સાધનાનું સાકાર સ્વરૂપ આપ જ છો.

હે મા! આ પૃથ્વી ઉપરનાં પામર, પાપી, પશુ સમાન જીવન જીવતા, દિશાશૂન્ય બનીને રઝળતા અજ્ઞાની ને દુ:ખી આત્માઓના કલ્યાણ માટે પૂ. શ્રી યોગેશ્વર પ્રભુની વિનંતિ સ્વીકારીને આપે આ પૃથ્વી ઉપર અવતરિત થવાની કૃપા કરી! મા, આપ ધન્ય હો! હે મા! યોગેશ્વર પ્રભુએ આમ વિશ્વનું કિસ્મત પરિવર્તિત કરી દીધું! આપને અવતાર લેવાનો સમય હજી થયો ના હતો. અત્યારના યુગનાં લોકોને માટે અવતરિત થવાની આપની કોઇ જ યોજના ન હતી. પરંતુ યોગેશ્વર પ્રભુની સાધનાનાં ફળસ્વરૂપે આપ અહીં અવતરિત થયાં છો.

પચાસ વર્ષ પહેલા આપનાં અવતરિત થવાની કોઈને પણ જાણ ન હતી. હે મા! જો મને આ જ્ઞાન ના મળ્યું હોત તો હું આ પત્ર આપને લખવા માટે અશક્ય હોત. આપની આ વિશ્વમાં અવતરિત થવાની કોઈ યોજના ના હતી. હે મા! આપના વિશ્વમાં અવતરિત થવાના નિશ્ચિત ફલક ઉપર જો કોઈ દૃષ્ટિપાત કરશે તો તેમાં તેને ખાલી જ જણાશે.

આમ યોગેશ્વર પ્રભુએ માનવજાતની તકદીરનું પરિવર્તન કરી દીધું (વિશ્વનાં ભાવિનું પરિવર્તન કરી દીધું) અને જીવન્મુક્તિનો રાહ જે વિશ્વને હજારો વર્ષ બાદ પ્રાપ્ત થવાને બદલે હજારો વર્ષ અગાઉ પ્રાપ્ત થયો.

યોગેશ્વર પ્રભુની સાધના શું છે? તે એ છે કે અમે સૌ આજે પૂ. મા, આપને ગમે ત્યારે જોઈ શકીએ છીએ.

પ્રભુની સાધનાનાં રૂપે જ અમે દરેક વખતે આપની છબીનું દર્શન કરીએ છીએ, આપની અમૃતવાણીને ટેપ કરી શકીએ છીએ, આપની લીલાનો વીડીઓ લઈ શકીએ છીએ, ને પ્રભુની સાધનાનાં ફળસ્વરૂપે જ અમે બાળકો આપની સાથે વાર્તાલાપ કરીએ છીએ, ને આપ બાળકોનું નામ સંસ્કાર કરવાની કૃપા કરો છો તે પણ પ્રભુની સાધનાનું જ ફળ છે.

અમે કોઈપણ સમયે આપની અમૃતવાણીની ટેપ, તથા આપની લીલાનો વીડીઓ ગમે ત્યારે ઇચ્છા પ્રમાણે જોઈએ છીએ તથા આલ્બમમાં આપની છબીનું દર્શન કરીએ છીએ. આ બધું પ્રભુની સાધનાનાં ફળસ્વરૂપે જ અમોને પ્રાપ્ત થયું છે. હે મા! આજે આપશ્રી અમારી વચ્ચે બિરાજમાન છો એ પ્રભુની જ સાધનાનું ફળ છે. હે મા! આપની કૃપાથી જે કોઈ આત્માને જીવન્મુક્તિની અનુભૂતિ મળે છે, તે પ્રભુની જ સાધનાનું ફળ છે.



માટે, પ્રભુનાં ગુણગાન ગાઈએ તેટલાં ઓછાં છે. વિશ્વને આવી વિભૂતિ ક્યારેય પણ મળી નથી. પ્રભુ આપને ધન્ય છે!

હે જગજ્જનની મા! આપની આ શક્તિનાં ગુણગાન કરવા માટે અમારી પાસે શબ્દો નથી; સ્વામી પ્રેમાનંદે મા શારદા માટે જે લખ્યું છે (તે બધું આપને માટે જ લખ્યું હોય એમ લાગ્યા વિના નથી રહેતું.) આપને તે બધું અક્ષરશઃ લાગુ પડે છે.

"માનો મહિમા કોણ જાણી શકે? તેનામાં જે શક્તિ છે તેનો એક અંશ પણ તેણીએ આપણને જણાવ્યો નથી. મા આપના ગુણાનુવાદ ગાઈએ તેટલા ઓછા જ છે. માની શક્તિ અનંત છે. માનો મહિમા અપરંપાર છે. સર્વશક્તિમાન તો આપ એક જ છો. જે વિષ (વિકારોરૂપી) ગળવાને આપણે અસમર્થ છીએ, તે માની પાસે રજૂ કરીએ છીએ ને મા તેને સહર્ષ સ્વીકારી લે છે. કેવી અસીમ કૃપા! મા આપને ધન્ય છે. આપણે કેવા પામર છીએ! હે મા! દરેકને સાચો આશ્રય તો આપનો જ છે. મા, મા, આપ ખરેખર ધન્ય છો.

આપ જ એક આ જગતમાં દરેકને માટે પૂજ્ય છો. હે મા! આપની ચરણરજમાં શીશ નમાવતાં હું ધન્ય બની જાઉં છું. આપની કૃપાનો કોઈ જ અંત નથી. વાહ, મા મા! આપના સામર્થ્યનો તો કોઈ જ પાર પામી શક્યું નથી. ૐ મા, ૐ મા.

સમસ્ત માનવ તથા પ્રાણીમાત્રની રક્ષા આપ જ કરો છો. હે મા! આપના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ હો.

યોગેશ્વર પ્રભુ, આપ ધન્ય છો. હે મા, આપ ખરે જ ધન્ય છો.

આપનો પુત્ર
હિતેશ લાડ

# હોસ્પીટલની જિંદગી

નારાયણ હ. જાની

હોસ્પીટલની જિંદગી સાવ જુદી જ હોય છે. ત્યાં માંદગી અને મરણનાં અનેક દૃશ્યો ભજવાતાં રહે છે. દર્દો, દવાઓ અને દાક્તરોની એક સામાન્ય તંદુરસ્ત માણસથી સદાય અદૃશ્ય રહેતી દુનિયા ત્યાં જોવા મળે છે. માનવજીવનનું એ પણ એક પાસું છે, તેની અવગણના શી રીતે કરી શકાય?

એ લોકો ખરે જ ભાગ્યશાળી છે, જેમને કદી દાક્તરો, દવાઓ અને દવાખાનાંનો સહારો લેવો પડયો નથી. પરંતુ જો કોઇને કર્માનુસાર કોઇ વ્યાધિની આપત્તિ આવી પડે તો, જોઇ લો એના કેવા હાલહવાલ થઇ જાય છે તે!

ભાવનગરથી મારાં પત્નીને અમે તદ્દન બેભાન હાલતમાં લાવેલ. પચ્ચીસ દિવસની ઇન્ટેન્સીવ કેરની સારવાર પછી પણ તેઓ ભાનમાં ના આવ્યાં, તે થોડું વિચિત્ર અને આશ્ચર્યજનક તો ગણાય. ઇન્ટેન્સીવ કેર યુનિટમાં સામાન્ય રીતે દર્દીઓ થોડા દિવસ જ રખાતાં હોય છે; કારણ કે તે ખૂબ ખર્ચાળ સારવાર છે. જો કે ત્યાં સારવાર સારી રીતે જાગૃતિપૂર્વક અપાતી હોય છે ને જે દર્દીઓની સ્થિતિ નાજુક હોય તેમને ત્યાં રાખવામાં આવે છે.

અમારા આ વિભાગમાં છ ખાટલા હતા. જાડા કાપડના પડદાઓથી દરેક બેડના અલગ વિભાગ પાડેલા. પરંતુ આસ-પાસનાં દર્દીઓની સ્થિતિ જાણી શકાય. જોઇ શકાય એવી.

મારાં પત્નીની બેડની સામે જ એક બીજી બહેન હતી. તેની



વય માત્ર ૨૨ વર્ષની. પદ્માબેન તેનું નામ. જાતે સિંધી. તેને પ્રસૂતિ પ્રસંગે બ્રેઇન હેમરેજ થઇ ગયેલું. તેને છેક પોરબંદરથી લાવેલ. તેની હાલત પણ મારાં પત્ની જેવી ગંભીર. શરૂમાં જ દાક્તરોએ જોઇને કહી દીધેલું, "આ કેસ ખલાસ છે. સારું થાય એવી શક્યતા નહિવત્ છે." છતાં તેની મોટીબેન રાધાએ વિનંતિ કરી દાખલ કરાવી. તો પરિણામ અદ્‌ભુત આવ્યું! પંદર દિવસમાં જ તેને ભાન આવ્યું ને દસેક દિવસ પછી તેને હોસ્પીટલમાંથી રજા મળી! એ જોતાં અમને લાગ્યું કે પ્રભુ જેને જિવાડવા માંગતો હોય છે, તે કોઇપણ પ્રકારે બચી જાય છે. એ બેન બચી તેમાં તેની બેનની સારસંભાળે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો. કેટલો બધો પરિશ્રમ રાતદિવસ એ બેને અને એનાં સગાં એક ડોશીમાએ ઉઠાવ્યો તે જોઇને આપણે આભા બની જઇએ!

શરૂમાં અમે પણ એ બેન પાસે હમદર્દીથી જતા, ખબર પૂછતા, હિમ્મત રાખવા કહેતા અને પ્રભુનું બને તેટલું સ્મરણ કરવા કહેતા. પરંતુ પ્રભુનું નામ લેવા માટે પણ મનની થોડી સ્વસ્થતા કે થોડી આદત તો જોઇએને? તે વિના તે લઇ શકાતું નથી.

અમારી બાબતમાં આથી કંઇ ઊલટું હતું. મારાં પત્નીની પથારી પાસે શરૂમાં જે બેસતાં તે સતત પ્રભુનામ લેતાં રહેતાં. તેમાં મારી પુત્રી, મારા નાના ભાઇની પત્ની અને અમારાં મોટાં ભાભી કે પુત્રવધૂઓ અને પૌત્રીઓ શ્રી યોગેશ્વર બાવની કે પૂ. માની બાવની બોલ્યા કરતાં. ઘરે રહેનારાં પણ સાથે બેસી ૧૧, ૨૧ કે ૧૦૧ બાવનીઓ પણ કરતાં. તો મારો વચેટ પુત્ર પિના-કીન એકસો આઠ હનુમાન ચાલીસાનો પાઠ કર્યા કરતો. તેના મોઢામાં સતત ભગવદ્ સ્મરણ ચાલતું; તો મોટો પુત્ર રાજેન્દ્ર

મહામૃત્યુંજયનો જપ કરતો. અમે પ્રભુને પ્રાર્થના કર્યા કરતાં. એક વિકટ માંદગીએ અમો સહુને પોતપોતાની શ્રદ્ધા અને સમજ પ્રમાણે પ્રભુસ્મરણમાં પ્રયોજી દીધાં. એક કલ્પી ના શકાય એવું વાતાવરણ ઘરમાં અને હોસ્પીટલમાં બની ગયું હતું. તેમાં પાછળ-થી નલિનીબેનનો ફાળો ઘણો મોટો બની રહેતો.

દિવસ ક્યાં ઊગે અને દેશ તેમ જ દુનિયામાં શું બની રહ્યું છે, તેની અમને કંઇ ખબર જ રહેતી નહિ. અમારી સમગ્ર દિનચર્યા હોસ્પીટલમાંની હાજરી, દર્દીની સારવાર અને સાંજના સત્સંગમાં સમાઇ જતી. ઘરે થોડું ખાવા અને આરામ કરવા પૂરતા જ આવતા. બાકી તો અમારી સમગ્ર પ્રવૃત્તિઓનું કેન્દ્ર-બિન્દુ પેલી હોસ્પીટલની મારાં પત્નીની પથારી જ બની રહેતું.

આ દિવસો ખરે જ અતિશય માનસિક તનાવના હતા, તો બીજી રીતે પૂ. મા શ્રી સર્વેશ્વરીની અસીમ કૃપા અને કરુણાનો અનુભવ કરવાના પણ કહી શકાય. પૂ. માને અને શરૂમાં શ્રી જીતુભાઇને ત્યાં સરસ્વતીની માંદગીના વિગતવાર સમાચાર આપતા. પૂ. મા પણ અમને સતત મદદ, હૂંફ અને હિમ્મત પૂરી પાડતાં રહેતાં. સંભવ છે કે તેઓની આવી કૃપા કે કરુણા સિવાય અમે ખૂબ હતાશ થઇ એક વિષાદપૂર્ણ અવસ્થામાં ઘેરાઇ ગયાં હોત.

તેમાંય પૂ. માએ વડોદરાથી મુંબઇ ગયા પછી તો અમારા ઉપર ખૂબ ખૂબ કૃપા કરી. તેઓ અમારું સતત ધ્યાન રાખતાં રહેતાં અને સરસ્વતીની રોજેરોજની સ્થિતિ વિષે પૃચ્છા કરતાં, એટલું જ નહિ "એ જીવ માટે જે મંગલ હોય તે પ્રભુ કરજો" એવી પ્રાર્થના પણ કરતાં રહેતાં. માંદગીના બિછાને પડેલા એ



અચેતન જીવને ક્યાં ખબર હતી કે જગદંબા સ્વરૂપા મા તેને માટે કેવો મંગલ અને કરુણાભર્યો ભાવ ધરાવે છે! અમે તો મન વાળી લીધું છે કે જે કોઇ પરિસ્થિતિનું નિર્માણ થાય તેને પ્રભુની પ્રસાદી સમજી સ્વીકારી લેવી, સહી લેવી; કારણ આપણે જાણતા નથી કે આપણું મંગલ આખરે શામાં છે?

ઇન્ટેન્સીવ કેરમાં દર્દીઓ બદલાતાં રહેતાં. અમારી સામે શ્રી ધનજી દાદા–બટાકાના વેપારી હતા તેઓને સ્પેશિયલ રૂમમાં ખસેડયા. ત્યાં એક બારતેર વર્ષની મુસ્લિમ બાળાને દાખલ કરવામાં આવી. તે છોકરીને ભારે તાવ આવતો અને કાનમાંથી રસી આવતી. ચોક્કસ કોઇ દર્દનું નિદાન ના થવાથી એ બાળાની દવાઓ થતી રહી. પરિણામે એને માથામાં રસી થઇ જવાથી ભારે તાવ શરૂ થયો.

તપાસ કરતાં જાણવા મળેલું કે તે છોકરીનાં માબાપ તો તે નાની હતી ત્યારે ગુજરી ગયેલાં. કાકા–કાકીએ ઉછેરી મોટી કરેલી. તેઓએ તેને બચાવવા જે પુરુષાર્થ કર્યો તે આશ્ચર્ય પમાડે તેવો હતો. પાણીની જેમ પૈસા ખર્ચ્યા. ખડે પગે ચાર દિવસ ને ચાર રાત પસાર કરી. એથી અમે પૂછ્યું, "તમારે શાનો ધંધો છે?"

તેણે કહ્યું, "મારા ગામમાં એક નાની શી હાટડી (દુકાન) છે." મોટા ભાઇની આ અનામત મારી પાસે છે. લોકો જ્યારે ઔલાદ માટે અલ્લાહ પાસે બંદગી કરે છે, ત્યારે અલ્લાહે જે દીધી છે તેને સાચવવાની મારી ફરજ છે. પૈસા તો કાલે મળી રહેશે. એ અભણ જેવા ગામડિયાની આવી સરસ સમજ જોઇ અમને ખૂબ આનંદ થયો. પરંતુ દાક્તરોના લાખ પ્રયાસો છતાં એ બાળા ના જ

બચી. તેની જાણ અમને બે દિવસ પછી થઇ. એ ભાઇ અમને હોસ્પીટલના નીચેના વિભાગમાં મળ્યા. મોઢા ઉપર ઉદાસી જોતાં જ અમે પૂછ્યું, "બેબીને હવે કેમ છે?" તેઓએ આંખમાં આંસુ સાથે કહ્યું, "અલ્લાહને પ્યારી થઇ ગઇ!" અને પછી એક સમભાવીને મળતાં તેનું હૈયું હાથ ન રહ્યું. તે જુવાન માણસ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો. અમે તેને અમારી પાસે ખેંચી હાથથી વાંસો પસાર્યો—અને એમ કરતાં અમારી આંખો પણ અશ્રુઓ સારી રહી. તે વખતે લાગ્યું કે જાતિ, ધર્મ, કે સામાજિક દરજ્જાની અમારી વચ્ચેની માનવસર્જિત દીવાલો સહજ રીતે ખરી પડી હતી. રહી ગયા હતા બે સમભાવી માનવો. ખરે જ પ્રભુએ માનવદિલ કેવું અદ્ભુત બનાવ્યું છે?

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



# રોજિંદા જીવનમાં આધ્યાત્મિકતા

મૂળ લેખક : વ્યાખ્યાતા સ્વામી અશોકાનંદજી
ભાવાનુવાદ : ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

વસ્તુઓનું આધ્યાત્મિક રૂપાંતર બધાએ કરવું જોઇએ. આમ છતાં, હું જ્યારે બધાને સાવચેત કરું ત્યારે ચેતવણીથી ગભરાઇ એમ કરવા સર્વે ના પાડશે. પણ જો તમે તમને અને અન્ય સર્વેને દિવ્યરૂપે સાચે જ જોવાનું શરૂ કરશો તો અનાસક્તભાવ તમારામાં પેદા થશે. તમે લગ્ન કર્યાં હશે. તમને પતિ–પત્ની, બાળકો અને સગાંવહાલાં હશે. તમને મિત્રો પણ હશે. તમારે ઘર પણ હશે. તમે ભોજન તૈયાર કરશો અને મિત્રોનું આતિથ્ય પણ કરશો. આ બધું તમે કરશો, પણ તમે એમાં જીવંત ભાગરૂપ નહિ બનો. તમે જુઓ, આ બધા ઉમદા વિચારો ધરાવો અને વળી ભૌતિકવાદી બનો એમ ન થઇ શકે. તમે કેટલા મિત્રો ધરાવો છો, તે હું જાણતો નથી, પણ જો તેઓ તમારે ઘેર આવે ને તમે તેમની પરોણાગત ન કરો તો કેટલા મિત્રો રહેશે પછી? આ બધી વ્યવહારુ મુશ્કેલીઓ ખરી. વધુમાં તમે અનુભવશો કે સાધારણ લોકોની જેમ તમે ઝેરીલી મૂર્ખતાભરી વાતો ન કરી શકો. આમ કરવાથી બીજા થોડા મિત્રો ઓછા થશે. લોકોને લાગશે કે આ તો નર્યા શુષ્ક છે. ઘણી ધાર્મિકતા એનામાં થઇ ગઇ, અને નીરસતા આવી ગઇ. તેઓ મળવા આવતા બંધ થશે. ખેર! ફિકર ન કરો, વળી તમારા કુટુંબનાં લોકો પણ ફરિયાદ આ જાતની કરશે. પણ એ ધ્યાનમાં ન લઇ સરવાળે લાભાલાભ શા છે તેનો ખ્યાલ રાખશો અને શક્ય તે અપનાવશો.

તમે જોશો કે અગાઉ જેવી આસક્તિની ઉત્કટતા ઘટી હશે. સત્ય શક્તિશાળી તત્ત્વ છે અને એ ખરેખર છે જ. સર્વ તમારું થશે—એક બે વ્યક્તિ નહિ, વિશ્વની દરેક ચીજ તમારી પોતીકી બનશે. દિવ્ય દૃષ્ટિ લાધતાં માતા પાર્વતીરૂપ, પિતા શિવરૂપ ને બધા શિવના ભક્તો મિત્ર સમા લાગશે, અને ત્રણે લોક પોતાના દેશ સમા અનુભવાશે. આવો ચિત્ત—અનુભવ થવા પામશે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે જ્યારે ભક્ત ભક્તિની પ્રથમ અવસ્થામાં પહોંચે છે ત્યારે તેનું મન કેવળ ભગવાનમાં જ સ્થિર થાય છે ને તે ભક્તોની દરકાર કરતો નથી. જ્યારે તે એનાથી ઉચ્ચ એવી મધ્યમ એવી ભક્તિની અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે એ ભગવાનને અને સાથે સાથે એના ભક્તોને ય ચાહે છે. પણ સર્વોચ્ચ એવી ત્રીજી ભક્તિ—અવસ્થામાં પહોંચતાં એને ભગવાન, ભક્તો અને સર્વ જીવંત જીવો પ્રત્યે ભક્તિભાવ હોય છે. આવો કોઇ એક તરફનો કે અમુક જીવો તરફનો આસક્તિભાવ ન હોય તેવો અનાસક્તભાવ એનામાં જાગે છે.

આવી સ્થિતિમાં માતા કે પત્નીમાં સંકુચિત સાંપ્રદાયિક ભાવ ન રહેવાથી થોડી મુશ્કેલીઓ આવવા પામશે. તેનું જાતીય જીવન અંત પામશે. અને આધ્યાત્મિક દૃષ્ટિ અંકુરિત થશે. કુદરતી રીતે જ પતિ—પત્નીની આસક્તિ નષ્ટ થશે. પણ વધારે દૃઢ ને આશીર્વાદરૂપ સંબંધ બંધાશે. શરૂઆતમાં સાધારણ વ્યક્તિને આ નહિ રુચે. પણ જૂની આસક્તિ જશે ને નવી ટેવો બંધાશે. બધી ચીજોમાં અધ્યાત્મદૃષ્ટિ આટોપતી વ્યક્તિને પછી જીવન સમગ્ર આશ્ચર્યભર્યું ને સુંદર લાગશે. તેને માટે તો દરેક ક્ષણ ભક્તિની ક્ષણ બની જશે. પછી રસોઇ બનાવવાનું કામ પણ ભક્તિ થઇ જશે. અને જેને માટે તે રસોઇ બનાવે છે તે 'માણસમાંનો દેવ' ન રહેતાં



ખુદ ભગવાન જ લાગશે. જો બાળકો કે પતિ માટે રસોઇ બનાવતા હશો ને તેમને તે પિરસશો ત્યારે તેમનામાં ભગવાન દેખાવા કરતાં ઉચ્ચ દૃષ્ટિ લાધવાથી તેઓ ખુદ ભગવાન જ બની જશે. તમે કપડાં ધોશો, વાસણ માંજશો, કપડાં સીવશો કે દુરસ્ત કરશો ત્યારે ય તમને લાગશે કે તમે ભગવાનની સેવા કરો છો. એ બધાં કામ ભક્તિરૂપ બની જશે ને ભગવાન સાથેનો જીવંતભાવ ક્ષણેક્ષણ સ્થાપિત થઇ જશે.

અહીં તમારું સમગ્ર જાગ્રત જીવન એક સતત આધ્યાત્મિક જીવંત પ્રક્રિયા બની જાય છે. જેને હું સતત ધ્યાનની અવસ્થા કહું છું, કેમકે ઉત્કટ ભક્તિની અવસ્થાના અનુભવ વિના આવો ભાવ, કે આવું વલણ કે આવી ધ્યાનાવસ્થા શક્ય નથી. ઉપરછલ્લા ભાવ ધરાવનાર વ્યક્તિ આવું ન કરી શકે. એમાં તો જે કંઇ કરો તે ભક્તિ સ્વરૂપ પામે છે, જે કંઇ જુઓ છો તે ખુદ ભગવાન જ છે અને તમે સતત ભગવાનનાં જ દર્શન કરી રહ્યા છો.

કેટલીક વાર લોકો પૂછે છે—"મને ક્યારે ભગવાનનાં દર્શન થશે? ભગવાન ક્યાં છે? ભગવાન છે તેની સાબિતી શી?" આ બધા પ્રશ્નો નરી મૂર્ખતામાંથી ઉદ્‌ભવે છે, કારણ કે આ ક્ષણે તમે જે કંઇ જુઓ છો તે ખુદ ભગવાન જ છે. આ સમગ્ર વિશ્વ અને એમાંની દરેક ચીજ ખુદ ભગવાન છે. તો તમે એ સિવાય બીજું શું જુઓ છો? જો તમને એમ લાકે તો તમે ગફલતમાં છો. તમે એક એવી જગ્યાએ આવો છો જ્યાં બધા પ્રકારના પથ્થરો વેરાયેલા છે અને તમે હીરાની શોધમાં છો, તમે એક પથ્થર લો છો ને પછી ફેંકી દો છો. એ રીતે બીજો પથ્થર લો છો ને તેને ય ફેંકી દો છો. પણ તમે લીધેલો દરેક પથ્થર હીરો જ હતો. એને

તમે પારખી ન શક્યા. ને તેથી તમે નિરાશ થઈ કહો છો કે મને હીરા ન મળ્યા. પણ આમાં તમારી ભૂલ હતી.

તમે પ્રભુને શોધી રહ્યા છો. પણ પ્રભુ તો તમારી સમક્ષ એક યા બીજા સ્વરૂપે હાજર જ છે. પ્રભુ તો એક સ્વરૂપે, બીજા સ્વરૂપે ને સર્વસ્વરૂપે સર્વત્ર જ રહ્યો છે. એટલે જ સ્વામી વિવેકાનંદે કહ્યું છે, "પ્રભુને ન શોધો, તેને જુઓ." (Do not seek Him, Just see Him). તમારી આંખો ચોળો, દૃષ્ટિ સાફ કરો અને બરાબર સ્પષ્ટ જુઓ. તમારે એને શોધવાની જરૂર નથી. એ અહીં જ છે, બીજું કશું નહિ, પણ પ્રભુ અહીં હાજર છે ને જીવંત કે નિર્જીવ, માનવ કે પશુ—એમ સર્વ ને સર્વત્ર એ છવાયેલો છે. જે જરૂરનું છે તે તો એને જોવાની સ્પષ્ટ સાફ દૃષ્ટિ. એ હોય ત્યારે સંતુષ્ટ થવાય.

આવું છે આધ્યાત્મિકતાની આકાંક્ષા રાખનારનું જીવન. સમાપનમાં એ કહી શકાય કે વ્યક્તિ સદા એક યા બીજા કામમાં સક્રિય હોય છે. આપણે જોઈએ છીએ કે માતા રસોઈ કરે છે, કપડાં ધુએ છે, ઘરમાં સાફસૂફી કરે છે ને વાસણ માંજે છે. પણ એવું જોવાને બદલે તે પ્રાર્થના કરે છે, ધર્મગ્રંથ વાંચે છે, ધ્યાનમાં બેઠી છે ને પૂજા કરે છે એમ જ પ્રભુમયી દૃષ્ટિ ધરાવનારને દેખાશે. તેને બાહ્ય દેખાવ કરતાં ભીતરી જાગ્રત અંતરાત્માના પ્રભુદર્શન જ થાય છે.

અને એ જ બરાબર. તમે આંખ મીંચો ને પ્રભુ દેખાય અને આંખ ખોલો ત્યારે ય પ્રભુ દેખાય, એ આદર્શ સ્થિતિ છે. જો તમને રૂઢિગત પૂજાપાઠ પસંદ ન હોય તો મારા કહ્યા મુજબની ટેવ પાડો. માણસમાં રહેલા ભગવાનને પૂજો અને માણસને જ



ખુદ ભગવાન માનીને વર્તો, ગમે તે એક યા બંને રીત આચરો. પવિત્ર બનો, સ્વચ્છ ચોખ્ખા હૃદયવાળા બનો. અણઘડ ન રહો. ભગવાન તો સુંદરમાં ય સુંદરતમ છે અને તે અણઘડ મનના લોકો પાસે જતો નથી. આમ છતાં, અણઘડતા તજી દઈ શકાય. ગમે તે ખાવાની ને ગમે તેમ ભટકવાની ને પહેરવા બોલવાની પવિત્રતા વિરોધી અણઘડતા તજી દેવાય ને દેહરૂપી ભગવાનના મંદિરને પવિત્ર–શુદ્ધ રખાય તો ભગવાન જરૂર ત્યાં આવી શકે. પણ એ બે વસ્તુ–અણઘડતા ને પ્રભુસાંનિધ્ય–સાથે ન હોઈ શકે. અણઘડતા છોડી સરસતા ને પવિત્ર શુદ્ધિ ધારણ કરો–પ્રભુ જરૂર આવશે. પાનખર પછી વસંતનું આગમન થાય જ છે ને? તેમ તમે ય, ગમે તેવા હો તો ય, પરિવર્તન પામી શકો છો ને પ્રભુની કૃપા મેળવી શકો છો. ફક્ત એ માટે કટિબદ્ધ થવાની જરૂર છે. જાગ્યા ત્યારથી સવાર ગણીને મંડી પડો ત્યારે એ માટે.

એક બીજી મહત્ત્વની વાત એ કે બાળકનું મન એ સંપૂર્ણ મન હોય છે, એ જો કે કાર્યરત થયું હોતું નથી, પણ જુઓ તો ખરા, એ બાળકના મનમાં કેવી ગજબની શીખવાની ને ગ્રહણ કરવાની શક્તિ હોય છે! એક–બે વર્ષમાં તો એ નવી ભાષા હસ્તગત કરી લે છે. જો આ વયમાં એના મનમાં મહાન સત્યોનાં બીજ હોમવામાં આવે તો કેવું સરસ પરિણામ આવી શકે! જો નાનપણથી જ તે ખરાબ, પાપી વિચાર ન સાંભળે ને તેને બદલે તે 'તું પવિત્ર છે, સત્યસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, શક્તિસ્વરૂપ છે ને પ્રભુની કૃપાને પાત્ર છે' જેવું અવારનવાર સાંભળ્યા કરે તો એ ભવિષ્યમાં એના જીવનમાં મહાન શક્તિરૂપ બની જાય–બીજાં અનિષ્ટ તત્ત્વો પ્રવેશે તે અગાઉ જ.

## * આત્મબોધ *

સારા વિચારે મન ભરી દે!
સત્કર્મોમાં તન જોડી દે!
આળસ મરડી ઊભો થા,
ગીત જીવનનું ગાતો જા!
ભલે ન સમજાય જ્ઞાન કઠિન,
ભક્તિ થાય ના પ્રેમવિહીન,
છોડી અટપટી યોગ–વિધિ
હરિનું સુમરણ કરતો જા!
સ્વાર્થે ડૂબી જીવે બધાં,
પશુ–પંખી પણ જોને સદા!
બુદ્ધિ મળી તો વાપર તું
માનવ થઈ હવે જીવતો જા!
પુચ્છ વિનાનો પશુ કહેવાય,
બુદ્ધિ વિણ સ્વમાન હણાય,
પરિચય નિજનો કરી હવે
રામરસાયણ પીતો જા!
શ્વાસોશ્વાસની માળા જીવંત
ભેટાવી દેતી ભગવંત
સઘળાં દુઃખનો આણી અંત
સોહમ્ સોહમ્ જપતો જા!
કાર્ય બધાં યે કરતો જા
જિંદગી સાર્થક કરતો જા
ગુરુચરણમાં શરણું લઈ
ભવસાગરને તરતો જા!

—પરમાર્થી



# શ્રદ્ધાંજલિ

તા. ૨૬–૨–૯૪

આદરણીય સેવામૂર્તિ

શ્રી નારાયણભાઈ,

સાદર નમસ્તે. 'અધ્યાત્મ'ના ફેબ્રુઆરી અંકમાં આપનાં પત્ની પરમ સાધ્વી સ્વરૂપ સરસ્વતીદેવીએ ગોલોકવાસ કર્યો એ સમાચાર વાંચી અત્યંત દુઃખ થયું.

એ અંકમાં પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને તમારી સાથે એમનો પણ ફોટો છે. કંઈ કેટલી વાર સુધી એ સૌમ્ય માતૃસ્વરૂપને જોઈ રહ્યો. એવું લાગ્યું જાણે સાક્ષાત્ ભક્તિમૈયા મનુષ્યરૂપે વિરાજે છે અને આપોઆપ બે હાથ જોડી મેં વંદન કર્યાં.

આપ તો જ્ઞાની છો. પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના કૃપાપાત્ર છો. માતાપિતા તો બાળકના સ્થૂળ દેહને જન્મ આપે છે. જે એમાં જીવ મૂકે છે તે એની જીવનયાત્રા પુરી થતાં એ જીવને લઈ લે છે. પૂ. સરસ્વતીદેવીને હવે જન્મ-મરણના ૮૪ ના ફેરા ન હોય એટલે જ મેં એમણે ગોલોકવાસ કર્યો એમ લખ્યું છે. आकृति गुणान कथयति।

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના શ્રીચરણોમાં મારાં વંદન. મારી પ્રાતઃ તથા શયન વખતેની પ્રાર્થનામાં દરરોજ તેઓશ્રીને વંદન કરું છું. તેઓ તો સર્વજ્ઞ છે. મારી પ્રાર્થના સ્વીકારતાં જ હશે.

સ્નેહાધીન

પ્રાગજી ડોસાનાં

વંદન.

# ગુરુ નાનક

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

ગુરુ નાનકનો જન્મ સં. ૧૫૨૬ ના કાર્તિક સુદ પૂર્ણિમા તો કેટલાકને મતે વૈશાખ સુદ પૂર્ણિમાને દિવસે આજના પાકિસ્તાનમાં આવેલ લાહોર જિલ્લાના તલવંડી ગામે થયો હતો. આજે એને 'નાનકાના સાહિબ' તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક વિદ્વાનોના કહેવા અનુસાર તેમનો જન્મ તેમના મોસાળમાં થયો હતો.

પિતા કાલુરામજીને પુત્રજન્મના સમાચાર મળ્યા ત્યારે તેઓ ખૂબ આનંદિત થયા. તેમણે દાનપુણ્ય કર્યું અને પંડિત હરદયાલ પાસે પુત્રની જન્મપત્રિકા કરાવી. પંડિતજીએ કાલુરામને કહ્યું, "ભાઈ કાલુ, તારો આ બાળક કોઈ ઈશ્વરીય અવતાર લાગે છે. તે જગતના લોકોનો ઉદ્ધાર કરશે. એને અહીં લાવ. મારે એનાં દર્શન કરવાં છે." બાળકનાં દર્શન કરી પંડિતજી કૃતકૃત્ય થયા. દિવસે દિવસે નાનક મોટા થતા ગયા. બાળક બન્યા પણ તેમનામાં બાળકવૃત્તિ જ ન હતી! રમવાને બદલે ધ્યાનમાં બેસી જતા, ભજનો ગાતા. પોતાની પાસે જે કાંઈ હોય તે બીજાને આપી દેવામાં આનંદ માણતા. તેમનો આવો વર્તાવ જોઈ કાલુરામને ચિંતા થતી. આ બાળક આવો કેમ? એક વખત નાનકે આંગણે આવેલ ભિક્ષુકને ઘરમાંથી લોટો લાવી આપી દીધો! પિતાજી પંડિતજી પાસે ગયા. પંડિતજી કહે, "ભાઈ કાલુ, તારો પુત્ર મહાન છે એમાં બે મત નથી. પણ આ બાળકનાં સગાંસંબંધી આ બાળકના પ્રતાપને નહીં જાણી શકે. જવલ્લે જ કોઈ એના



મહિમાને ઓળખશે. જા ભાઈ, તેથી માયામાં બહુ મોહ રાખીશ નહીં. પુત્રને પરમેશ્વર જાણી તેની સાથે સાચી પ્રીત કરજે."

એક દિવસ પિતાજીએ એમને ખેતર સાચવવા મોકલ્યા. સરસ પાક હતો. પક્ષીઓ ચણવા આવતાં હતાં. નાનકે પક્ષીઓને ઉડાડવાને બદલે "રામકી ચિડિયાં રામકા ખેત, ખા લો ચિડિયાં ભર ભર પેટ," કહી તેમને નોતર્યાં. પિતાજીને ખબર પડતાં તેમણે કપાળ કૂટયું. આવો છોકરો શા કામનો?

એક દિવસની વાત. તેઓ ખેતરમાં સૂતા હતા અને તેમના મસ્તક પર એક નાગરાજ ફણા કરી છત્ર ધરી રહ્યા હતા. અચાનક આ જ સમયે તેમના પિતાજીના એક મિત્ર, સંબંધી રાયબુલાર ત્યાંથી પસાર થયા. તેમણે આ દૃશ્ય જોયું. આ પછી તેઓ નાનકને 'મહાન અવતાર' માનવા લાગ્યા.

નાનકને પિતાજી જુદાં જુદાં કામ સોંપે, પણ તેમાં પિતાની નજરે કોઈ ભલીવાર આવતો ન હતો. પિતાજીને ખૂબ ચિંતા રહ્યા કરતી. એક દિવસ તેઓ નાનકને કહે, "બેટા, ખેતર–બેતરનું કામ ન કરવું હોય તો વાંધો નહિ, તું કાંઈ વેપાર–ધંધો કર." નાનક કહે "પિતાજી, હું વેપાર–ધંધો તો કરું જ છું. મારા ગ્રાહકોને સત્ય તેમ જ ઇંદ્રિય સંયમનો માલ આપું છું. મને તેમાં સારો ફાયદો થાય છે." પુત્રનો જવાબ સાંભળી પિતાને થયું, "આ છોકરો સાધુ તો નહિ થઈ જાય ને?"

એક દિવસ કાલુરામજીએ નાનકને વીસ રૂપિયા આપી કહ્યું, "બેટા જેમાં સારો નફો હોય તેવો વેપાર કરજે." નાનક તેમના બાલમિત્ર બાલા સાથે શહેરમાં વેપાર કરવા નીકળ્યા. રસ્તામાં એક વૃક્ષ નીચે સંતવૃંદ જોયું. જઈને પ્રણામ કર્યા. ખબર પડી કે સંતો ત્રણ દિવસના ભૂખ્યા છે. અયાચકવ્રતીઓ છે. તેમને

વેપારની તક મળી ગઇ. સંતોને ભોજન કરાવી પાછા આવી ગયા. પૈસા ભોજનખર્ચમાં વાપરી નાંખ્યા. પિતાજીને આવી વાત કરી. પિતાજી મૌન રહ્યા. તેમણે નાનકને પુત્રી નાનકીને ત્યાં કપૂરથલા રાજ્યના સુલતાનપુર ગામે મોકલવાનો નિર્ણય લઇ લીધો.

* * *

નાનક સુલતાનપુર આવ્યા. નાનક અને બહેન નાનકી વચ્ચે અતૂટ પ્રેમ. બનેવી જયરામ શેઠ પણ ખૂબ ભલા. રાજ્યમાં તેમની સારી વગ હોવાથી નાનકને નવાબને ત્યાં મોદીખાનામાં ભંડારી તરીકે નોકરી અપાવી દીધી. નાનક જે કોઇ યાચક આવે તેને મોદીખાનામાંથી ખાદ્ય સામગ્રી આપવા માંડયા. નાનકની આ પ્રવૃત્તિની જાણ તેમની ઉપર ઈર્ષા રાખનાર લોકોએ નવાબને કહી. આથી ક્રોધે ભરાયેલા નવાબે ભંડારનો હિસાબ તપાસ્યો તો બધું બરાબર હતું. ઊલટા નાનકના પૈસા લેણા નીકળતા હતા! આ બનાવ પછી નવાબનો નાનક પ્રત્યે અહોભાવ વધી ગયો. આ મોદીખાનું "હંટી સાહેબ" નામે ઓળખાય છે. આ બનાવ પછી નાનકે આ નોકરી છોડી દીધી. નવાબે ખૂબ મનાવ્યા પણ એકના બે ન થયા.

કાલુરામજીએ પુત્રને નાથવાનો વિચાર કર્યો. તેઓ એમ માનતા હતા કે પરણાવીશું તો થાન ઠેકાણે આવી જશે. આથી ગુરુદાસપુર જિલ્લાના પખા ગામનિવાસી ક્ષત્રિય મૂલચંદ્રની પુત્ર સુલક્ષણી સાથે તેમનાં લગ્ન કર્યાં. જો કે આ લગ્ન તેમને બંધનરૂપ ન બન્યાં. તેઓ ભક્તિમય ગીતોની રચનામાં મશગૂલ રહેતા હતા. તેઓ કહેતા, "ઉપરથી મને જે સંદેશો મળશે તે જ વાતો લખ્યા કરીશ." નાનકને ત્યાં બે પુત્રરત્નોનો જન્મ થયોઃ શ્રીચંદ્ર અને લક્ષ્મીચંદ્ર. આ બે પુત્રોએ તેમનું કુળ દીપાવ્યું.

* * *



એક દિવસ નાનક નદીએ સ્નાન કરવા ગયા તે ગયા, પાછા આવ્યા જ નહિ. લોકોએ માન્યું કે તેઓ ડૂબી ગયા હશે. પણ કેટલાકના મતાનુસાર તેઓ 'સચખંડ'માં પહોંચી ગયા હતા. ત્યાં તેમને આદેશ થયો. "હવે તમારું કામ શરૂ કરો." ત્રણ દિવસ પછી નાનક આવ્યા પરંતુ ઘેર નહિ આવતાં ગામ બહાર એક આંબાવાડિયામાં ઊતર્યા. બહેન, બનેવી, પત્ની સૌ મનાવી ગયાં પણ હવે "સંસારનો અંક પૂરો થઇ ગયો હતો." ગુરુજીએ પત્નીને આશ્વાસન આપતાં કહ્યું, "ભગવાન સહુની રક્ષા કરે છે, એ તારી પણ રક્ષા કરશે." વહાલસોયી બહેને કહ્યું, "વીરા, તારા વિના કેવી રીતે રહી શકીશ?" તો તેમણે કહ્યું, "બેના...મમતા-મયી...હું તારાથી જુદો નથી. તું જ્યારે જ્યારે યાદ કરીશ ત્યારે ત્યારે હાજર થઇશ. વખતોવખત તને મળવા આવતો રહીશ." નાનકે આ વચન પાળ્યું હતું.

એક દિવસ બહેન નાનકી ફૂલકા રોટલી બનાવતી હતી. સરસ રોટલી જોઇ વિચાર આવ્યો "ભાઇ હોત તો તેને પ્રેમથી જમાડત." તુલસીદાસી કહે, "ભાઇ તો ક્યાંય હશે... આપણને યાદ કરતા હશે કે કેમ? કોણ જાણે. આ બાજુ નાનકને બહેનની ઇચ્છાની જાણ થઇ. પાસે બેઠેલા મર્દાનાને કહ્યું, "જરા આંખ મીંચી દો." નાનકે જઇ નાનકીનું બારણું ખખડાવ્યું. તુલસી-દાસીએ બારણું ઉઘાડયું અને નાનકને જોઇ આભી બની ગઇ. દોડતી દોડતી નાનકીને બોલાવી લાવી. બહેને વીરાનાં ઓવારણાં લીધાં અને ખૂબ જ હેતથી ભોજન કરાવ્યું. આવો હતો નાનકનો ભગિનીપ્રેમ!

(ક્રમશઃ)

# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'તમારા શબ્દો સાંભળીને મને ઘણો જ આનંદ થઇ રહ્યો છે, હનુમાન!' રામે હનુમાનને અભિનંદન આપતાં કહ્યું : 'તમારા જેવા નિઃસ્વાર્થ વૃત્તિના પ્રાજ્ઞ પુરુષના મુખમાંથી જ આવા શબ્દો નીકળી શકે. તમે જે પગલું ભર્યું છે તે ધર્મની મર્યાદામાં રહીને ભરેલું છે, ઉત્તમ છે, અને એને માટે તમને ધન્યવાદ આપું છું.'

હનુમાને સંકોચ સાથે કહેવા માંડયું : 'હું ધન્યવાદને પાત્ર જરા પણ નથી, તોપણ મને ધન્યવાદ આપો છો એ તમારી મહાનતા છે. ધર્મ ને નીતિની મર્યાદાને તમારા સિવાય બીજા કોણે તમારા જેટલી સરસ રીતે જાણી અને પાળી બતાવી છે? એટલે ધન્યવાદને પાત્ર તો તમે જ છો. તમે ધર્મ તથા નીતિના પાલનને માટે રાજ્યનો પણ ત્યાગ કર્યો ને વનવાસને સ્વીકારી લીધો. એવો દુષ્કર ત્યાગ બીજું કોણ કરી શકવાનું છે?'

રામ શાંત રહ્યા એટલે સુગ્રીવ બોલ્યો : 'મને રાજ્યનો મોહ ન હતો એટલે વાલીને વેરભાવનો ત્યાગ કરીને મારી સાથે મળીને રાજ્ય ચલાવવા કહી જોયું. ફરી ગાદી પર બેસીને રાજ્ય ચલાવવા માટે પણ સમજાવ્યો. પરંતુ એ ન માન્યો. એ તો મને મારી નાખવા જ તૈયાર થયો. ઋષ્યમૂક પર્વતના આ વિસ્તારમાં આવવાથી એનું મૃત્યુ થશે એવો એને મતંગ મુનિનો શાપ મળેલો છે. એટલે એ આ બાજુ નથી આવી શકતો. નહિ તો એનું સામર્થ્ય ઘણું વધારે હોવાથી એણે મને ક્યારનો ય પૂરો કરી દીધો હોત.'

'એનું સામર્થ્ય ગમે તેટલું વધારે હોય તેથી શું થયું?' રામે સુગ્રીવને આશ્વાસન આપતાં કહેવા માંડયું : 'હવે એ તમને નહિ મારી શકે. એનો



નાશ કરવામાં હવે વધારે વાર નહિ લાગે. પરસ્ત્રીહરણ જેવાં બીજાં અનેક અનીતિમય કામોને લીધે એના આત્મબળનો ક્યારનેય હ્રાસ થઇ ગયો છે. એનો સર્વનાશ હવે નિશ્ચિત છે. વાલી તરફની બધી ચિંતા છોડી દેજો. હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે એ નરાધમનો નાશ કરીને હું તમને શાંતિ તો આપીશ જ, પરંતુ રાજ્ય પણ પાછું પ્રદાન કરીશ. આપણી મિત્રતા નિષ્ફળ નહિ જાય.'

'તમારી પ્રતિજ્ઞા સાંભળીને મને આનંદ થાય છે, પણ વાલી એમ સહેજ વારમાં મરે એવો નથી. એ અત્યંત પરાક્રમી છે. એના પરાક્રમની કથાઓ સુપ્રસિદ્ધ છે. એકવાર મહાબળવાન રાવણ ક્યાંકથી ફરતો ફરતો કિષ્કિંધામાં આવી પહોંચ્યો. વાલીની સાથે એ યુદ્ધે ચઢયો. એનો મદ માતો ન હતો. એણે દેવતા, દાનવ, યક્ષ ને ગંધર્વને વશ કરેલા. અમને ઘડીભર તો વિચાર થયો કે વાલી એનો સામનો કેવી રીતે કરી શકશે. પરંતુ અમારી ચિંતા તથા શંકા ખોટી ઠરી. વાલીએ પોતાના અભૂતપૂર્વ પરાક્રમથી રાવણને પોતાના બાહુની વચ્ચે એવો તો દબાવ્યો કે રાવણ નિષ્પ્રાણ જેવો બની ગયો. એણે પોતાને જીવનદાન આપવાની કાકલૂદીભરી વિનંતિ કરી ત્યારે જ વાલીએ એને છોડી મૂક્યો. એવા અસાધારણ પરાક્રમીને પરાસ્ત કરવાનું સહેલું નથી એ યાદ રાખજો.'

લક્ષ્મણે પૂછ્યું : 'જે રાવણે સીતાનું ચોરીછૂપીથી હરણ કર્યું છે તે જ રાવણની વાલીએ એવી દુર્દશા કરી કે કોઇ બીજા રાવણની?'

'મને તો લાગે છે કે એણે એ જ રાવણની દુર્દશા કરેલી, બીજા કોઇ રાવણની નહિ. બીજા કોઈ રાવણ વિશે હજુ કશું સાંભળવામાં નથી આવ્યું. પછી સીતાનું હરણ કરનારો આ રાવણ બીજો હોય તો કોને ખબર પરંતુ વાલી છે ખૂબ જ પરાક્રમી. એનાથી ખૂબ જ સંભાળીને ચાલવા જેવું છે. એ સહેલાઈથી હારે એવો નથી લાગતો.'

રામે કહ્યું : 'સુગ્રીવ, એની ચિંતા ન કરતા. એને હું સહેલાઈથી ને સારી પેઠે પહોંચી વળીશ. એ ગમે તેવો પ્રતાપી હશે તોપણ મારી આગળ એનું કશું નહિ ચાલે.'

'રામનાં બાણ અજેબ હોય છે. એની આગળ કોઇ જ નથી ટકી શકતું. એ બાણથી એમણે આજ સુધી અનેક રાક્ષસોનો નાશ કર્યો છે. વાલીની વિસાત એમની આગળ કશી જ નથી. માટે નકામી આશંકા ન કરતા.' લક્ષ્મણે સુગ્રીવને ઉત્સાહ આપ્યો.

સુગ્રીવે થોડી વાર વિચાર કર્યા પછી રામને સંકોચ છોડીને કહ્યું: 'તમારા સામર્થ્યમાં સંદેહ ન થાય ને પૂરેપૂરો વિશ્વાસ બેસે એ માટે મને એનો થોડોક પરિચય કરાવો તો સારું. મારું મન એને લીધે નિશ્ચિંતતાનો અનુભવ કરશે.'

'કેવો પરિચય?'

'તમે જેવો યોગ્ય માનો તેવો. આ સામે ખીણમાં સાલનાં જે સાત વૃક્ષો દેખાય છે એમના જેવા એક સાલ વૃક્ષને વાલીએ પોતાના બાહુબળથી ઉખેડી નાંખેલું. તમે આટલા શક્તિશાળી છો તો એ વૃક્ષોમાંથી એકાદ વૃક્ષને ઉખેડી શકો એમ છો?'

રામે સ્મિત કરીને ધનુષ્ય પર બાણ ચઢાવ્યું.

એમનું બાણ છૂટીને જોતજોતામાં એ સાલ વૃક્ષો પાસે પહોંચી ગયું. બાણના સ્પર્શથી એ વૃક્ષોનાં બધાં પર્ણો તૂટી પડયાં. બાણ પોતાનું કામ કરીને રામ પાસે પાછું આવી ગયું. એ જોઇને સુગ્રીવ, હનુમાન તથા બીજા બધા નવાઇ પામ્યા.

રામે કહ્યું : 'સુગ્રીવ, સાલ વૃક્ષને ઉખેડવાનું કામ મારે માટે જરા પણ કપરું નથી. એ વૃક્ષને રમતાં રમતાં ઉખેડી નાંખું એમ છું. અત્યારે તો મેં વૃક્ષોને કોઇપણ જાતની ઇજા પહોંચાડયા વગર કેવળ એમનાં પાંદડાંને જ ધરાશાયી કરી દીધાં. મારો બળપ્રયોગ એટલા પૂરતો જ મર્યાદિત હતો. પરંતુ હવે હું તમારી ઇચ્છા પ્રમાણે પણ કરી બતાવીશ. તેને માટે વૃક્ષોની જરાક નજીક જઇએ.'

સુગ્રીવ રામના પ્રસ્તાવ સાથે સંમત થયા ને બોલ્યા : 'આજે આટલો બળપ્રયોગ પૂરતો છે. સાલ વૃક્ષને છેદવાનો બીજો બળપ્રયોગ કાલે કરી બતાવજો. આ પ્રયોગ પરથી પુરવાર થાય છે કે, તમે એકલા બળવાન જ



નથી, પરંતુ સાથે સાથે સૂક્ષ્મ બુદ્ધિશક્તિથી પણ સંપન્ન છો. વાલી બળવાન છે પરંતુ તમારા જેવી સૂક્ષ્મ બુદ્ધિશક્તિથી સંપન્ન નથી દેખાતો.'

બીજે દિવસે બપોરે સૌ સાલ વૃક્ષોની પાસે આવી પહોંચ્યા, એટલે રામે કહ્યું : 'તમારી ઇચ્છા તો એવી છે કે મારા લોકોત્તર સામર્થ્યના પ્રદર્શન માટે હું એક જ સાલ વૃક્ષને જમીનમાંથી ઉખેડી નાંખું. પરંતુ તેવો પ્રયોગ કરવાથી તો મારી તથા વાલીની શક્તિની સમાનતા સાબિત થશે, વાલી કરતાં મારી શક્તિ શ્રેષ્ઠ છે એવું સાબિત નહિ થાય. મારે તો મારી શક્તિની શ્રેષ્ઠતા સાબિત કરવી છે અને તમારી સઘળી આશંકાનો અંત લાવી તમારી અંદર અચળ શ્રદ્ધા જગાવવી છે. એટલે આજે હું બીજી જાતનો બળપ્રયોગ કરી બતાવીશ.'

'કેવી જાતનો?'

'વાલીએ તો એક જ વૃક્ષને ઉખાડી નાંખેલું, પણ હું સાતેસાત સાલ વૃક્ષોને એકસાથે ઉખેડી નાંખીને ધરાશાયી કરી દઇશ.'

'એ તો અત્યંત અશક્ય અને અસાધારણ કહેવાય.'

'છતાં પણ એને કરવાનો મેં સંકલ્પ કરેલો છે, અને એની સિદ્ધિ હમણાંજ કરી બતાવું છું.'

'વાલીથી એવું પરાક્રમ કદાપિ ન થઇ શકે—સ્વપ્ને પણ નહિ.'

રામે સાલ વૃક્ષો તરફ શરસંધાન કર્યું.

એમણે તાકેલું તીર ધનુષ્ય પરથી જોતજોતામાં વાયુવેગે છૂટું પડયું અને આંખને મીંચીને ઉઘાડવામાં આવે એટલી વારમાં તો એ પર્વતની ખીણમાં અડીખમ ઊભેલાં સાતે સાલ વૃક્ષોને એકસાથે નિર્મૂળ કરતાં નીચે પાડી રહ્યું.

એમના નીચે પડવાથી થયેલો ભયંકર અવાજ અરણ્યમાં બધે ફરી વળ્યો.

સુગ્રીવના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા : 'હવે મને અને અમને બધાને પ્રતીતિ થઇ કે વાલી કરતાં તમારી શક્તિ ઘણી વધારે છે. વાલીની શક્તિ તમારી શક્તિના શતાંશ બરાબર નથી લાગતી. હવે મારી બધી ચિંતા શમી

ગઇ તથા ભીતિ ટળી ગઇ. તમારા જેવા મહાપુરુષનો મેળાપ થવાથી મારું જીવન સંપૂર્ણપણે સલામત બની ગયું.'

હનુમાને કહ્યું : 'સુગ્રીવ તમારા જેવા સત્પુરુષની શોધમાં હતા. તમે એમના પર કૃપા કરીને જ્યારથી એમના સુહૃદ બન્યા ત્યારથી જ એમનું અને અમારું સદ્ભાગ્ય શરૂ થયું. અમે અત્યાર સુધી અનાથ હતા તે હવે સનાથ બન્યા.'

'વાલી શાપને લીધે અહીં નથી આવી શકતો.' રામે કહ્યું : 'છતાં પણ એ આવશે તોપણ હવે તમને કાંઇ જ નહિ કરી શકે. તમારું રક્ષણ કરવા હું સદાય તત્પર છું, પછી તમારે કોનો ભય છે? જુઓ, મારા અમોઘ બાણનો એક બીજો ચમત્કાર કરી બતાવું.'

એમ કહીને રામે પાસેની જમીનમાં બાણ માર્યું કે તરત જ એ જડ જેવી દેખાતી જમીનમાંથી પાણીનો પ્રવાહ પ્રકટી નીકળ્યો.

સુગ્રીવ તથા હનુમાન એ જોઇને મુગ્ધ બની ગયા.

સુગ્રીવે કહ્યું : 'આ સુંદર પ્રવાહ તમારી શક્તિનો પરિચાયક હોવાથી હવેથી રામધારાના નામથી ઓળખાશે. એના દર્શનથી તમારા મહિમાનો ખ્યાલ આવશે. મારા અંતરમાં થોડીક આશંકા હતી, પરંતુ હવે મને તમારી શક્તિની પૂરેપૂરી પ્રતીતિ થઇ. અજ્ઞાનને લીધે મારાથી કોઇ અનુચિત વચનો કહેવાયાં હોય તો ક્ષમા માગું છું. તમે મહાન તથા ઉદારદિલ છો એટલે ક્ષમા આપશો એવી ખાતરી છે.' (ક્રમશઃ)


અંબાજીમાં ક્યાં ઉતરશો?

"સ્વર્ગારોહણ"

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ. ગુ.) ૩૮૫૧૧૦


## * નામસ્મરણ *

નામજપ કે ઈશ્વરસ્મરણ અમુક નિશ્ચિત સમયે કરવું આવશ્યક છે? કેટલાક સંતપુરુષો કહે છે કે તે વહેલી સવારે તથા સાંજના સમયે થવું જોઇએ. તો શું તે દિવસના બે ભાગમાં જ થઇ શકે?

વ્યવહાર પરાયણ લોકોને વધારે વખત ના મળે, તથા વહેલી સવારનો તથા સાંજનો, સમય શાંત હોય છે, તેથી તેમને માટે દિવસમાં ઓછામાં ઓછું બે વાર શાંતિપૂર્વક ઈશ્વરસ્મરણ કરવાનું વિધાન કરેલું છે. જેથી એટલો વખત તો તે ગમેતેમ કરીને અવકાશ મેળવીને નામજપ કે ઈશ્વર-સ્મરણ કરેજ. પરંતુ એનો અર્થ એવો નથી કે ઈશ્વર-સ્મરણનો વખત એટલો જ અને તે દિવસના એ બે ભાગમાં જ થઇ શકે. ઈશ્વરસ્મરણ શરૂઆતના તબક્કામાં સવાર સાંજ બે વખત કરવાનો નિયમ બરાબર છે, પરંતુ પછી તો એ વખતમાં વધારો થવો જોઇએ, અને એક અવસ્થા એવી આવવી જોઇએ જ્યારે નામજપ કે ઈશ્વર-સ્મરણ શ્વાસોશ્વાસે થઇ શકે. વ્યવહારપરાયણ ના હોઇએ ત્યારે તો ખરું જ, પરંતુ વ્યવહારમાં રત હોઇએ ત્યારે પણ એવી ટેવ પાડવી જોઇએ કે જેથી તે દરમ્યાન પણ માનસિક રીતે ઈશ્વરસ્મરણ થઇ શકે. પહેલાં એવી ટેવ પાડવી જોઇએ. પરંતુ પછીથી ઉત્તરોત્તર આગળ વધતાં, એવી ટેવ સ્વાભાવિક થઇ જશે. ઈશ્વરના પ્રેમી અનુભવી ભક્તો તો કહે છે કે જીવનમાં ઈશ્વરસ્મરણ અખંડ અથવા તો સતત રીતે થવું જોઇએ. એવી એકે પળ કે વિપળ ના હોવી જોઇએ જ્યારે ઈશ્વરસ્મરણ ના થતું હોય.

યોગેશ્વરજી

# * ઈશ્વરદર્શન *

ઈશ્વરદર્શન માટે કોઇ ચોક્કસ સમય કે મુહૂર્ત નથી. જ્યારે પણ તમે યોગ્ય બનો ત્યારે તમને ઈશ્વરદર્શન થઇ શકે. ઈશ્વરને માટે તમારા દિલમાં ખૂબ પ્રેમ થવો જોઇએ, ને ઈશ્વર વિના ચેન પડવું ના જોઇએ. એક વાર ઈશુ ખ્રિસ્તની પાસે એક માણસ આવ્યો, ને તેમને ઈશ્વરદર્શન વિશે પૂછ્યું. ઈશુ તેને એક સાગર કિનારે લઇ ગયા, ને તેના પાણીમાં તેને ડૂબકી મારવા કહ્યું. પેલા માણસે ડૂબકી મારી એટલે ઈશુએ તેની ગરદન પકડી રાખી. આખરે પેલા માણસે ખૂબ ગભરાઇ જઇને કહ્યું, 'હવે છોડી દો, નહિ તો હું મરી જઇશ.' ઈશુએ તેને છોડી દીધો. ને કહ્યું કે 'પાણીમાં શું થતું હતું?' પેલા માણસે કહ્યું કે 'હમણાં જ પ્રાણ છૂટી જશે એમ લાગતું હતું.' ઈશુએ કહ્યું કે 'એવી લાગણી ને અવસ્થા જ્યારે ઈશ્વરને માટે થશે ત્યારે ઈશ્વર જરૂર મળી જશે.' એટલે કે ઈશ્વરદર્શન માટે કોઇએ પાણીમાં ડૂબકી મારી દુઃખી થવાનું નથી, પરંતુ સંસારના પદાર્થોની મમતા ને આસક્તિ છોડી ઈશ્વરની ભૂખ જગાવવાની છે. અત્યારે માણસોને જરાય મહેનત કરવી નથી : સંસારના રાગરંગ ભોગવવા છે ને સાથે સાથે સહેલાઈથી કે વિના ભોગે પ્રભુ મળી જાય તો મેળવવા છે : આવી રીતે ઈશ્વર ક્યાંથી મળે? ઈશ્વરને માટે અંતરના ઊંડાણમાંથી રૂદન થવું જોઈએ : દિલ છટપટાવું જોઈએ : રોમેરોમ ને તનમન તલસવું જોઈએ. આટલું થાય એટલે ઈશ્વરદર્શનની યોગ્યતા થઇ ગણાય. આટલું થયા પછી ઈશ્વર તમારાથી દૂર રહી શકે તેમ નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧